Chap-3

પદ્યવાર્તા – મધ્યકાલીન ગુજરાતીમાં : એક દ ષ્ટિપાત

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ્યવાર્તાનો આરંભ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આરંભકાળે જૈન ભંડારોમાં સચવાયેલા વિપુલ સાહિત્યમાં વિશેષે રાસ જેવા સ્વરૂપની કૃતિઓ સાંપડે છે. એથી એવી ભૂલભરી માન્યતા પ્રવર્તતી હતી કે પદ્યવાર્તાનો આરંભ પ્રમાણમાં પાછળના સમયથી થયો. આ ઉપરાંત અસાઇતકૃત 'હંસાઉલી' જ પ્રથમ પદ્યવાર્તા છે એવી પણ ખોટી માન્યતા પ્રવર્તતી હતી. આરંભકાળમાં પણ લૌકિક કથાયુક્ત પદ્યવાર્તાઓ રચાઈ છે, પણ એ પૂરતા પ્રમાણમાં આજ સુધી સચવાઈ નથી. જે સચવાઈ છે તેની સંખ્યા અલ્પ છે.

કેટલાક ગ્રંથો કે કૃતિઓમાં લૌકિક કથાના જે ઉલ્લેખો સાંપડે છે. તેના આધારે પદ્યવાર્તાનું મૂળ ઘણું આગળ સંભવે છે. હેમચંદ્રાચાર્યકૃત 'સિદ્ધહેમ' વ્યાકરણના આઠમા અધ્યાયના અપભ્રંશ ભાગમાં તત્કાલીન સમયના તેમ જ એ પૂર્વેના લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્યમાંથી પ્રચલિત સુભાષિતો ઉદ્ધૃત કરેલાં છે. એમાંથી આ બે દુહા ઉતાર્યા છે :

'રક્ખઈ સા વિસ – હારિણી બે કર ચુંલિવિ જીઉ,
પડિબિંબિઅ – મુંજાલુ જલુ જેહિ અડોહિઉ પીઉ.
બાહ વિછોડવિ જાહિ તુહું હઉં તેવઁઉ કો દોસુ,
હિઅય–ટ્ઠિઉ જઇ નીસરહિ જાણઉં મુંજ સરોસુ.' (સૂત્ર ૩૪૯)

આ દુહા કોઈ કથાકાવ્યમાંથી અવતરણરૂપે લેવામાં આવ્યા છે એ સ્પષ્ટ છે. દુહામાં જણાય છે તેમ નાયક મુંજ છે. માળવાનો પ્રસિદ્ધ વિદ્યાવિલાસી રાજા મુંજ તે જ આ હોય એ અસંભવિત નથી.[૧] આ ઉપરાંત હેમચંદ્રાચાર્યના 'અપભ્રંશ વ્યાકરણ'માં નીચે પ્રમાણે દુહો મળે છે :

'જિમ જિમ વંકિમ લોઅણહં ણિરુ સામલિ સિક્ખેઇ,
તિમ તિમ વમ્મહુ નિઅય – સરુ ખર – પત્થરિ તિક્ખેવિ.' (સૂત્ર ૩૪૪)

આ દુહાનો પૂર્વાપર સંદર્ભ અજ્ઞાત છે, પરંતુ ભીમની 'સદયવત્સવીર પ્રબંધ' પદ્યવાર્તાની છઠ્ઠી કડી

જોઈએ :

'તિહ સુઅ અધ્યકુમાર, સબલ સામલિ – ભત્તારહ.'

એ પ્રમાણે આ વાર્તાનાં નાયક – નાયિકાનો ઉલ્લેખ છે. હેમચંદ્રના 'અપભ્રંશ વ્યાકરણ'ના ઉપરોક્ત દુહામાં 'સામલિ' શબ્દપ્રયોગ 'સાંવરિ' એવા સામાન્ય અર્થમાં ન લેતાં, ભીમ કવિની જેમ, પ્રસ્તુત કથાની નાયિકાના અર્થમાં ઘટાવીએ તો, હેમચંદ્રના સમય પહેલાં પણ અપભ્રંશમાં સદયવત્સ – સાવલિંગાની કથા સુપ્રચલિત હતી અને એમાંથી પ્રસ્તુત અવતરણ લેવાયું છે એવું અનુમાન કરી શકાય.[૨]

હેમચંદ્રાચાર્યના સમકાલીન સોમપ્રભસૂરિએ પ્રાકૃતમાં રચેલ 'કુમાલપાલ પ્રતિબોધ' (સં. ૧૨૪૧/ ઈ. ૧૧૮૫) માં કેટલોક ભાગ અપભ્રંશમાં છે અને એમાં કેટલીક લૌકિક કથાઓ છે. મેરુતુંગાચાર્યકૃત 'પ્રબન્ધચિંતામણી' (ઈ. ૧૩૦૫) રાજશેખરસૂરિકૃત 'પ્રબન્ધકોશ' (ઈ. ૧૩૪૯) ઇત્યાદિ અનેક પ્રબંધોમાં સંસ્કૃત વૃત્તાન્તકથનની વચ્ચે વચ્ચે ઉત્તરકાલીન અપભ્રંશ કે જૂની ગુજરાતીમાં અનેક દુહાઓ મળે છે. તે પણ વિવિધ લૌકિક કથાઓ, ગીતકથાઓ કે કથાકાવ્યોનો પ્રચાર સિદ્ધ કરે છે.[૩]

આ ઉપરાંત અબ્દુર રહેમાનકૃત 'સંદેશરાસક' (ઈ. ની તેરમી સદી)માં મુલતાનનું વર્ણન કરતાં કવિ સ્થળે-સ્થળે ભારત, રામાયણ, નલાખ્યાન અને સદયવચ્છની કથા કહેવાતી હોવાનો ઉલ્લેખ કરે છે.[૪] અહીં પણ સદયવત્સની કથા એ સમયે લોકપ્રિય હોય, એની કથા કહેવાતી હશે અને એનું શ્રવણ થતું હશે એ વાતને ટેકો મળી રહે છે.

આમ, પદ્યવાર્તા સ્વરૂપની ઉપલબ્ધ કૃતિઓની રચના પૂર્વે ઘણા લાંબા સમયથી પદ્યવાર્તાઓ રચાતી હોવાનો અણસાર આવા સાહિત્યક પુરાવાઓના આધારે આવે છે. વળી, જે પ્રાચીનતમ પદ્યવાર્તાઓ પ્રાપ્ત થાય છે એના વિકસિત સ્વરૂપને જોતાં એની આગળની કે પૂર્વેની કૃતિઓનો લાભ એને મળ્યો હશે એમ જણાય છે.

સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશમાં પદ્ય અને ગદ્યમાં પુષ્કળ કથાસાહિત્ય પ્રાપ્ત થાય છે. પદ્યમાં કથા-વાર્તા કહેવાની પરંપરા મધ્યકાલીન ગુજરાતી પૂર્વે હતી જ. સમયે – સમયે લૌકિક વિષય ઉપર આધારિત કથાવાર્તાઓ સર્જાતી આવી છે. એની પરંપરા મધ્યકાળના આરંભે પણ વિકસેલી – વિસ્તરેલી હોય એ સ્વાભાવિક છે. માટે જ હેમચંદ્રનાં અપભ્રંશ અવતરણોમાં પદ્યવાર્તાની પ્રારંભિક હયાતીનાં ભરપૂર સૂચનો મળે છે.

વિપુલ અને વૈવિધ્યપૂર્ણ પદ્યવાર્તાઓનું સર્જન કરનાર શામળ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો પ્રમુખ પદ્યવાર્તાકાર છે. એને જ કેન્દ્રમાં રાખી નીચે પ્રમાણેનો ઉપક્રમ રાખ્યો છે :

પદ્યવાર્તા :- શામળ પૂર્વે —> શામળની સમકાલીન —> શામળમાં —> શામળ પછી.

૧. શામળ પૂર્વે પદ્યવાર્તા :-

ચૌદમી સદી

જૈન કવિ **વિજયભદ્રકૃત 'હંસરાજ–વચ્છરાજ ચોપાઈ' (સં. ૧૪૧૧/ઈ.૧૩૫૫)** સળંગરૂપે ઉપલબ્ધ થતી સૌથી **જૂની પદ્યવાર્તા** છે. એ અપ્રગટ હોઈ એની સમાલોચના શક્ય નથી.

એ પછી કાળક્રમે ઔદીચ્ય બ્રાહ્મણ **અસાઈતકૃત 'હંસાઉલી' (સં. ૧૪૨૭/ ઈ. ૧૩૭૧)** પદ્યવાર્તા પ્રાપ્ત થાય છે. એનું અને વિજયભદ્રની કૃતિનું કથાવસ્તુ સમાન હશે અવું અનુમાન થાય છે. અસાઈતકૃત 'હંસાઉલી' ચાર ખંડ અને કુલ ૪૭૦ કડીમાં રચાયેલી છે. એનું સંક્ષિપ્ત કથાવસ્તુ આ પ્રમાણે છે :

પહેલા ખંડમાં પોતે સ્વપ્નમાં જોયેલી અને પરણેલી સુંદરી, કણ્યાપુરની પુરુષદ્વેષિણી કુંવરી હંસાઉલી સાથે પહિઠાણ નગરનો રાજા નરવાહન પ્રધાન મનકેસરની યુક્તિથી લગ્ન કરે છે તેની કથા છે. બાકીના ત્રણ ખંડમાં હંસાઉલીના બે પુત્રો હંસ અને વચ્છની પરાક્રમકથા છે. અપરમાતા લીલાવતી હંસમાં લુબ્ધ થઈ અઘટિત માગણી કરે છે. જે હંસ દ્વારા નહીં સંતોષાતા એ હંસ–વચ્છનું કાસળ કાઢવા પ્રપંચ ઘડે છે, પરંતુ પ્રધાન મનકેસર યુક્તિપૂર્વક કુમારોને બચાવીને ત્યાંથી ભગાડી દે છે. ત્યાર બાદ હંસનું સર્પદંશથી મૃત્યુ થવું અને પુનઃ સજીવ થવું, હંસ –વચ્છનું છૂટા પડી જવું, વચ્છ પર ચોરીનું આળ આવવું, સનકાવતીની રાજકુંવરી ચિત્રલેખાનાં વચ્છ સાથે સ્વયંવરથી લગ્ન થવાં, હંસને કાતીનગરના અપુત્ર રાજાનું રાજ્ય મળવું, કપટથી દરિયામાં ફેકાંયેલા વચ્છનું કાતીનગર પહોંચવું અને એ રીતે હંસને મળવું, અંતે બન્ને ભાઈઓનું માતાપિતા અને પરિવાર સાથે મિલન ઇત્યાદિ ઘટનાઓથી અદ્ભુતરસિક બનતી આ કથા છે.

આ કથામાં સ્પષ્ટપણે બે ભાગ પડી જાય છે. પહેલા ખંડમાં નરવાહન અને હંસાઉલીને લગતું કથાવસ્તુ અને બાકીના ત્રણ ખંડમાં હંસાઉલીના બે પુત્રો હંસ–વચ્છને લગતું કથાવસ્તુ. મુખ્યત્વે અદ્ભુતરસિક બનતી આ કથામાં પ્રસંગોપાત્ત કરુણ, વીર, શૃંગાર ઇત્યાદિ રસોની ગૂંથણી થઈ છે. પરંપરાગત માત્રામેળ છંદ–ચોપાઈ, દુહા, વસ્તુ, ગાથામાં રચાયેલી 'હંસાઉલી'માં દેશી રાગમાં રચાયેલાં ત્રણ ઊર્મિમય વિરહગીતો પ્રસંગોપાત્ત મૂકાયાં છે. લીલાવતીનું સૌંદર્યવર્ણન અને હંસ તેમજ વચ્છનું ધીરોદાત્ત પાત્ર આકર્ષક છે. પુરુષાર્થ, પ્રારબ્ધ, કર્મફળ, જ્યોતિષ ઇત્યાદિ વિષયક તત્કાલીન માન્યતાઓ કૃતિમાં પ્રગટ થઈ છે. ધન ખાતર માણસ શું શું કરે એની પ્રસ્તુત કૃતિમાં આવતી યાદી શામળની યાદ અપાવે છે. તત્કાલીન સમાજચિત્ર ઉપરાંત ભાષાની દષ્ટિએ પણ આ કૃતિ નોંધપાત્ર છે.

આ કૃતિમાં પૂર્વભવનું સ્મરણ, સ્વપ્નસુંદરી, જાતિ સ્મૃતિએ પુરુષદ્વેષિણી નાયિકા, ચિત્રાવલિ દ્વારા પૂર્વભવના પતિની પ્રાપ્તિ, અપરમાનું આળ અને કુંવરોને દેશવટો, મૃતસંજીવન ઇત્યાદિ જાણીતા કથાઘટકો

પ્રયોજાયા છે.

મધ્યકાળમાં હંસરાજ–વચ્છરાજની કથા ઘણી લોકપ્રિય હોવાનું આ જ વસ્તુની પુરોગામી અને અનુગામી ઘણી પદ્યવાર્તાઓ પરથી સમજાય છે. આ કથા જૈનોમાં સારું સન્માન પામી છે. જૈન સાધુ મતિસુંદરે અસાઈતકૃત 'હંસાઉલી'ના પુરઃ સંધાન રૂપે 'હંસાઉલી પૂર્વભવ–ચરિત' (ઈ. ૧૫૬૫), જૈનેતર કવિ શિવદાસે પણ – હંસાવળી / હંસાવલી : ચારખંડી' (ઈ. ૧૬૧૨૯) રચી છે.

ચૌદમી સદીમાં આ ઉપરાંત **જિનોદયસૂરિકૃત 'ત્રિવિક્રમરાસ' (સં. ૧૪૧૫/ ઈ. ૧૩૫૯) અને વિદ્ધણુકૃત 'જ્ઞાનપંચમી ચોપાઈ' (સં. ૧૪૨૩/ ઈ. ૧૩૬૭)** જૈન સાધુઓ દ્વારા રચાયેલી પદ્યવાર્તાઓ મળે છે. પણ એ બન્ને અપ્રગટ હોઈ એની સમાલોચના અહીં શક્ય નથી.

પંદરમી સદી

ઈ. ૧૪૧૦માં રચાયેલી ભીમકૃત 'સદયવત્સવીર પ્રબંધ' નોંધપાત્ર પદ્યવાર્તા છે. પ્રાપ્ત થતા કેટલાક ઉલ્લેખોને આધારે જ્ઞાતિએ ભીમ બ્રાહ્મણ હોવાનું અનુમાન છે.

આગળ 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ્યવાર્તાનો આરંભ' એ નિમિત્તે ચર્ચા કરતાં 'સદયવત્સવીર પ્રબંધ' નું કથાનક લોકપ્રસિદ્ધ હોવાનું જણાવ્યું છે. હેમચંદ્રના 'અપભ્રંશ વ્યાકરણ'માં મળતો એક દુહો જેનો આગળ ઉલ્લેખ કર્યો છે તે અને અબ્દુલ રહેમાનકૃત 'સંદેશક –રાસક'માં પણ સદયવત્સકથાનો ઉલ્લેખ મળે છે. આ પુરાવાઓ હેમચંદ્રના સમય પૂર્વે પણ અપભ્રંશમાં આ કથા સુપ્રચલિત હતી એવું અનુમાન કરવા પ્રેરે છે.

દુહા, સોરઠા, પદ્ધડી, ચોપાઈ, અડયલ, વસ્તુ, છપ્પય, કુંડળિયા, ચામર અને મોતીદામ ઇત્યાદિ માત્રામેળ છંદો અને ક્યારેક અક્ષરમેળ છંદો પ્રયોજેલા છે એવી ભીમકૃત પદ્યવાર્તા 'સદયવત્સવીર પ્રબંધ' ૬૭૨ (કેટલીક પ્રતો મુજબ ૭૩૦) કડીની આકર્ષક કૃતિ છે.

સદયવત્સનાં અનેક પરાક્રમોને તથા પ્રેમગાથાને આલેખતી આ કૃતિની મુખ્ય કથા કેટલીક અવાંતર કથાઓ વણી લઈને કહેવાઈ છે. પ્રેમ અને પરાક્રમને વિરદાવતી આ કૃતિને ભોગીલાલ સાંડેસરા જૂના ગુજરાતી સાહિત્યનાં સર્વશ્રેષ્ઠ Romance તરીકે ઓળખાવે છે.[૫] પ્રસ્તુત કૃતિમાં વીર, અદ્‌ભુત અને શૃંગાર રસ પ્રધાન છે. કૃતિમાં વચ્ચે – વચ્ચે ગીતોનો પ્રયોગ જોવા મળે છે. પ્રભુવત્સના રાજકુલનું દુહામાં થયેલું વર્ણન, ગીત અને છંદના મિશ્રણથી થયેલું વરયાત્રાનું વર્ણન, ચિતામાં બળી મરવા તત્પર બનેલી સાવલિંગાની સોરઠામાં થયેલી અંતિમ પ્રાર્થના, રણમાં સદયવત્સ – સાવલિંગા વચ્ચે થતો સમસ્યામૂલક સંવાદ ઇત્યાદિ કવિની નિરૂપણ અને વર્ણન શક્તિનો પરિચય આપે છે. આમાનું કેટલુંક નિરૂપણ કવિએ પૂર્વપરંપરામાંથી લીધું હોવાની પૂરી સંભાવના છે. તેમ છતાં ભાષાવૈભવ, વર્ણનશક્તિ, રસનિરૂપણ અને

ચોટદાર સંવાદો ભીમને પદ્યવાર્તાકારની સાથે – સાથે કવિ તરીકે સ્થાપી આપે છે. પ્રાકૃત અપભ્રંશના અવશેષવાળી ભાષાના એક નમૂના લેખે ભાષા ઇતિહાસની દૃષ્ટિએ પણ આ કૃતિ મહત્ત્વની ઠરે છે.

ભીમની આ કૃતિમાં રાજજ્ઞાભંગે નાયકને દેશવટો, વરદાનરૂપે ચમત્કારી વસ્તુઓની પ્રાપ્તિ ઇત્યાદિ જાણીતા કથાઘટકો જોવા મળે છે.

ભીમકૃત 'સદયવત્સવીર પ્રબંધ' પછી આ પદ્યવાર્તાનાં વિવિધ રૂપાન્તરો ગુજરાત અને રાજસ્થાનના સાહિત્યમાં વ્યાપક પ્રમાણમાં મળે છે. સં. ૧૫૨૭ / ઈ. ૧૪૭૧ માં જૈન આચાર્ય રત્નશેખરસૂરિના શિષ્ય હર્ષવર્ધનગણિએ – સદયવત્સકથા સંસ્કૃતમાં ગદ્યમય રચી છે. એ પછી કીર્તિવર્ધન (સં. ૧૬૯૭ / ઈ. ૧૬૪૧), નિત્યલાભ (સં. ૧૭૮૨ / ઈ. ૧૭૨૬) અને કેટલાક અજ્ઞાત જૈન કવિઓએ ગુજરાતીમાં આ વિશે કાવ્યરચના કરી છે. આ સિવાય પણ આ કથાપ્રસંગ વર્ણવતી અનેક નાની–મોટી અજ્ઞાતકર્તૃક રચનાઓ છે.

પીપંલગચ્છના જૈન સાધુ અને આચાર્ય વીરપ્રભસૂરિના શિષ્ય હીરાણંદ સૂરિએ સં. ૧૪૮૫ / ઈ. ૧૪૨૯માં 'વિદ્યાવિલાસ પવાડુ' નામે પદ્યવાર્તાની રચના કરી છે. દુહા, ચોપાઈ, વસ્તુ, સવૈયા ઇત્યાદિની દેશીઓમાં રચાયેલી ૧૮૯ કડીની આ કૃતિ છે.

વિદ્યા–વિહીન હોવાથી ઘરમાંથી કાઢી મુકાયેલા ને પછી સરસ્વતીની કૃપાને લીધે વિદ્યાવિલાસ કહેવાયેલા નાયકનાં પરક્રમોને પણ આલેખતી આ કથાના અંતમાં કંઈક અપ્રસ્તુત રીતે આવતા સદાચારબોધને બાદ કરતાં કૃતિ કેટલીક દૃષ્ટિએ ધ્યાનપાત્ર છે. પાછળથી પદ્યવાર્તાનું એક લક્ષણ બની ગયેલી સમસ્યાઓ પણ આ કૃતિમાં પ્રયોજાઈ છે. નિશાળે ભણવા જતી રાજકુંવરી સૌભાગ્યસુંદરીનું, સૌભાગ્યસુંદરીના નૃત્યમાં વિદ્યાવિલાસના મૃદંગવાદનનું તથા ઇત્યાદિ વર્ણનો રોચક છે. કૃતિમાં વચ્ચે – વચ્ચે કેટલાંક ગીતો પણ મૂકાયાં છે. જેમાં પોપટ બની ગયેલા વિદ્યાવિલાસની વાટ જોતી સૌભાગ્યસુંદરીનું વિલાપગીત નોંધપાત્ર છે. રાજદરબાર, વાણિજ્ય અને સામાન્ય જનજીવનને લગતી વિગતોને લીધે તત્કાલીન સામાજિક જીવનનો પરિચય આ કૃતિમાં પ્રાપ્ત થાય છે. ટૂંકમાં કાવ્યત્વ, છંદોબંધ અને ભાષાસ્વરૂપ એ ત્રણે દૃષ્ટિએ કૃતિ નોંધપાત્ર છે.

આ કૃતિમાં પ્રેમીને બદલે ભળતા જ માણસ સાથે અજાણ્યે નાસી જતી પ્રેમિકા, મનુષ્યનું પોપટમાં રૂપાંતર ઇત્યાદિ જાણીતા કથાઘટકો પ્રયોજાયા છે.

'વિદ્યાવિલાસ પવાડુ' આમ તો લોકકથા પર આધારિત છે, પરંતુ એમાંની વાર્તાનું મૂળ સં. ૧૨૮૫ ઈ. ૧૨૨૯ માં વિનયચન્દ્રકૃત સંસ્કૃત 'મલ્લિનાથ મહાકાવ્ય' માંની એક આડકથામાં રહ્યું છે. કુલ ૨૦૩ શ્લોકના એ ઉપાખ્યાનને અનુસરી હીરાણંદે કૃતિ રચી છે. એ પછી ગુજરાતી સાહિત્યમાં આ કથાનકની પરંપરા અવિચ્છિન્નપણે ચાલુ રહી છે. હીરાણંદસૂરિ પછી સં. ૧૫૧૬ / ઈ. ૧૪૬૦ માં ખરતરગચ્છીય

ઉપાધ્યાય જ્ઞાનસાગરકૃત 'વિદ્યાવિલાસ ચોપાઈ', સં. ૧૫૩૧ / ઈ. ૧૪૭૫ માં અજ્ઞાત જૈન કવિકૃત 'વિદ્યાવિલાસ ચોપાઈ' અને સં. ૧૬૭૨/ ઈ. ૧૬૧૬ માં માણેકકૃત 'વિદ્યાવિલાસ રાસ' નોંધપાત્ર છે. અઢારમાં શતકમાં વળી જિનહર્ષ, અમરચંદ અને ઋષભસાગર એ જૈન કવિઓએ આ વિષય ઉપર કૃતિઓ રચી છે. સુરતના લઘુ અને સુખ બે વણિક ભાઈઓએ સં. ૧૭૨૩ / ઈ. ૧૬૬૭માં 'વિનયચટ્ટની વાર્તા' રચી છે. ૨૦૩ શ્લોકની નાનકડી સંસ્કૃત આખ્યાયિકા લઘુ અને સુખની વિસ્તૃત પદ્યકથારૂપે ક્રમશઃ કેવી રીતે અવતાર પામે છે એનો સાહિત્યિક ઇતિહાસ તપાસવા જેવો છે.

સાધુકીર્તિકૃત 'વિક્રમચરિત્રકુમાર રાસ' (સં. ૧૪૯૯ / ઈ. ૧૪૪૩) અને સર્વાનંદસૂરિકૃત 'મંગલકલશ ચોપાઈ'**(આશરે ઈ. ૧૪૪૩ ની આસપાસ)** જૈન સાધુઓ દ્વારા રચાયેલી પદ્યવાર્તાઓ છે. પણ એ અપ્રગટ હોઈ અહીં એની સમાલોચના અશક્ય છે.

પંદરમી સદીની પદ્યવાર્તાઓમાં વિક્રમકથાચક્રની કૃતિઓનું વર્ચસ્વ દેખાય છે. મધ્યકાલીન ગુજરાતી પદ્યવાર્તામાં આગળ નોંધ્યું તેમ ચૌદમી સદીમાં રચાયેલ જિનોદયસૂરિકૃત –ત્રિવિક્રમરાસ'નું કથાવસ્તુ વિક્રમકથાચક્ર આધારિત હોવાનો સંભવ છે. ઉપર જણાવ્યું તેમ આધુકીતિકૃત 'વિક્રમચરિત્ર – કુમારરાસ' વિક્રમ નહીં પણ એના પુત્ર વિક્રમચરિત્રને કેન્દ્રમાં રાખી રચાયેલી કૃતિ જણાયછે. વિક્રમના પાત્રને એ સમયે સારો એવો લોકાદર મળ્યો હશે, એથી જ પ્રેરાઈને વિક્રમના પુત્ર વિક્રમચરિત્રને પાત્રરૂપે સાંકળી પદ્ય વાર્તા રચાવાની શરૂઆત થઈ એમ કહી શકાય.

છેક 'બૃહત્કથા'માં વિક્રમકથાચક્રનાં મૂળ હોવાનો સંભવ છે. આમ પ્રાચીન અને મધ્યકાલીન કથાસાહિત્યમાં વિક્રમનું પાત્ર લોકપ્રિય રહ્યું છે. વિક્રમનું વ્યક્તિત્વ અર્ધઐતિહાસિક અને લોકકલ્પનાના રંગે રંગાયેલું દેખાય છે. લોકકલ્પનાનો વિક્રમ વીર હોવા છતાં વીરત્વ એના પાત્રનું પ્રધાન લક્ષણ નથી. પણ પરદુઃખભંજકતા અને દાનવીરપણું એ જ એનાં પ્રધાન લક્ષણો રહ્યાં છે. એને વિશે ઉપલબ્ધ બધી વાતોમાં એનાં ન્યાય, દાનવીરતા, પરદુઃખભંજકતા, સાહસ ને નીડરતા જેવાં લક્ષણો સહેજે જોઈ શકાય છે. વિક્રમ વિશે પ્રસિદ્ધ કથાનકોમાં કેટલાંક કથાનકો મૂળભૂત રીતે વિક્રમકથાચક્રમાં જન્મ્યાં છે અને કેટલાંક મૂળે સ્વતંત્ર એવાં કથાનકો, લોકહૃદયમાં રહેલું વિક્રમનું સ્થાન અને વિવિધ કથાચક્રોમાં કોઈ પણ કથાનકને જોડી શકવાની અનન્ય અનુકૂળતાને કારણે, વિક્રમકથાચક્ર સાથે જોડાઈ ગયાં છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'સિંહાસનબત્રીસી'નું વિક્રમકથાચક્ર ઘણું પ્રચલિત રહ્યું છે. અનેક જૈન અને જૈનેતર સર્જકોએ 'સિંહાસનબત્રીસી'ની રચના કરી છે. ઉપલબ્ધ ગુજરાતી કૃતિઓમાં સૌથી જૂની કૃતિ પૂર્ણિમાગચ્છના જૈન સાધુ અને રત્નસૂરિના શિષ્ય મલયચંદ્ર પાસેથી પ્રાપ્ત થાય છે. કવિના જીવન અને સર્જન વિશે વધારે માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ ગોંડલમાં રહી એક જ વર્ષમાં રચેલી ત્રણ કૃતિઓનો ઉલ્લેખ મળે છે. **ઈ. ૧૪૬૩માં મલયચંદ્રે 'સિંઘાસણ બત્રીસી– ચઉપઇ', 'સિંઘલશીચરિત્ર'** અને

'દેવરાજ–વત્સરાજ પ્રબંધ' એ કૃતિઓની રચના કરી. આ જોતાં આગળ – પાછળના સમયમાં પણ એણે સાહિત્યપ્રવૃત્તિ કરી હોવી જોઈએ એમ અનુમાન કરી શકાય.

કેવળ ૩૭૪ કડીમાં રચાયેલી મલયચંદ્રકૃત 'સિંઘાસણ બત્રીસી – ચઉપઇ' એ વાર્તાચક્રમાં ઉપલબ્ધ સૌથી પહેલી ગુજરાતી કૃતિ છે. સિંહાસન ઉપર બેસવા જતાં ભોજરાજાને સિંહાસન પર જડેલી બત્રીસ પૂતળીઓ વારાફરતી તેના પ્રતાપી પૂર્વજ વીર વિક્રમ વિશે એક–એક વાર્તા કહી સંભળાવે છે. આ પ્રકારની સંકલના ધરાવતી પ્રસ્તુત કૃતિમાં બત્રીસેય વાર્તાઓ અત્યંત ત્વરિત ગતિએ કહી નાખવામાં આવી છે. શરૂઆતની ૬૦ કડીઓમાં મલયચંદ્રે કૃપણ બ્રાહ્મણની કથા, સિંહાસનની ઉત્પત્તિ, તેની પ્રાપ્તિ, તેનો પ્રતિષ્ઠા વિધિ, ભર્તૃહરિ, વિક્રમ, અમરફળ અને વિક્રમની રાજ્યપ્રાપ્તિ તથા તેના જીવનની નોંધવા યોગ્ય માહિતી આપી છે. તેથી સ્વાભાવિક રીતે આ વાર્તા અત્યંત સંક્ષિપ્ત બની ગઈ છે. કર્તાની સૂત્રાત્મક શૈલી કૃતિમાં મર્યાદારૂપ બની છે. 'સિંહાસનબત્રીસી'ની વાર્તામાં રસિક તેમ જ અલૌકિક પ્રસંગો અનેક છે પણ એને યોગ્ય રીતે વિકસાવીને નિરૂપવાની પદ્ધતિની ખોટ ઠેર–ઠેર વર્તાય છે. તેમ છતાં ઘણે સ્થળે મલયચંદ્રની પ્રતિભાની ચમક દેખાય છે. વાર્તાની શરૂઆતમાં આવતું સિંહાસન અને તેની પધરામણીનું વર્ણન ૧૯મી વાર્તામાં બલિરાજાના નગરનું વર્ણન ઇત્યાદિ એકદરે સારાં છે. કવિની ભાષા સંસ્કૃતમય છે. અલંકારમાં વર્ણસગાઈ અને પ્રાસ મહત્ત્વનાં છે. કૃતિરચના ચોપાઈમાં જ કરી છે, છંદ ઉપરનો કાબૂ નોંધપાત્ર છે. ૧૮મી વાર્તા સંક્ષેપમાં કહેવાઈ હોવા છતાં સારી રીતે કહેવાયેલી છે.

આ કૃતિનું મૂળ વસ્તુ ક્ષેમંકરની કૃતિ 'સિંહાસનદ્વાંત્રિંશિકા' ઉપરથી લીધું છે. ક્ષેમંકરની સંસ્કૃત ગદ્યમાં લખાયેલી કૃતિમાંથી મલયચંદ્રે માત્ર વાર્તાના તંતુને પકડ્યો છે અને સંક્ષેપમાં તેને અનુસરવાનો પ્રયત્ન કર્યો છે. એકંદરે સાંસ્કૃતિક, ભાષાશાસ્ત્રીય અને સાહિત્યિક દષ્ટિએ આ કૃતિ અમુક અંશે મૂલ્યવાન છે.

મલ્યચન્દ્રની બીજી પદ્યવાર્તા 'સિંઘલશી ચરિત્ર' ૨૨૦ ચોપાઈમાં લખાયેલી છે.

જાણીતાં કથાઘટકોને પ્રયોજતી આ નાયક–ભ્રમણ કથામાં 'મોહવશ બનતી નગરસ્ત્રીઓ અંગેની ફરિયાદે દેશવટે', 'સમુદ્રયાત્રાએ વિખૂટાં થતાં દંપતી', 'ઊડતી ખાટ', 'અક્ષયપાત્ર', 'સર્પદંશે વિરૂપતા અને સ્વરૂપપ્રાપ્તિ' ઇત્યાદિ જેવા કથાઘટકો ખાસ નોંધપાત્ર છે. મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાના સાહસશૌર્ય અને ચમત્કારોની અદ્‌ભુત સૃષ્ટિ અહીં આલેખાઈ છે.

એકાદ પંક્તિમાં કરેલું વસંતવર્ણન, સિંઘલશી ધનવતીને હાથીથી બચાવે છે તેનું વર્ણન, સિંઘલશી - ધનવતીના યોગ્ય લગ્નનું વર્ણન ઇત્યાદિ એકાદ–બે પંક્તિમાં હોવા છતાં સુરેખ છે. લાંબાં વર્ણનોમાં પણ સુરેખ અને તાદશ ચિત્ર પાડવાની શક્તિનું દર્શન થાય છે. સિંઘલશીને ધનવતી વહાણે ચઢી પરદેશ જાય છે ત્યારની વહાણવટાની પરિભાષાને વહાણ ડૂબતાં લોકોની માનસિક વિહ્વળતા ને વિકળતાનું વાસ્તવિક વર્ણન અને ધનવતીને એકલી મૂકીને સિંઘલશી પરદેશ જવાનો પ્રસ્તાવ રજૂ કરે છે. ત્યારના

ધનવતીના મનોગતનું ભાવસભર વર્ણન ધ્યાનાકર્ષક છે.

કથાનો અંત નજીક આવતાં (લગભગ ૨૦૫ કડી પછી) તેણે ભાવસંઘર્ષને હળવો કરવા અને કથાને સુખદ બનાવવા જૈન કવિઓની પરિચિત પદ્ધતિને અનુસરી પૂર્વભવની પ્રતીતિજનક વાત ખૂબ જ સીફતથી મૂકી દીધી છે. વાર્તાનું માળખું ભ્રમણકથાનું છે. તેમાં અંતે આ પ્રકારનો વળાંક આવે છે.

સાહસ, શૌર્ય તથા ચમત્કારયુક્ત આ પદ્યવાર્તામાં કથાનિરૂપણ તરફ કવિનું જેટલું લક્ષ્ય છે. તેટલું ભાવનિરૂપણ કે વર્ણન તરફ નથી એવું કેટલેક સ્થળે પ્રતીત થાય છે. તેમ છતાં કથાઓને ખૂબ સંક્ષેપમાં કહેવાની વૃત્તિના કારણે 'સિંઘાસણબત્રસી ચઉપઈ' માં જે પ્રકારની ક્લિષ્ટતા અનેદુર્બોધતા આવી હતી, તેવી કોઈ ક્લિષ્ટતા અને દુર્બોધતા 'સિંઘલશીચરિત્ર'માં આવી નથી. ઉલટાનું ચરિત્રની સરળતા અને પ્રવાહિતા ધ્યાન ખેંચે છે.

આ બે કૃતિઓ ઉપરાંત 'દેવરાજ વત્સરાજ પ્રબંધ' નામે મલયચંદ્રની ત્રીજી કૃતિ પણ લખાઈ છે એવો ઉલ્લેખ મળે છે, પણ એ અપ્રગટ હોઈ એની સમાલોચના કરી નથી.

ઈ. ૧૪૬૪ની આસપાસ થયેલો વીરસિંહ પૌરાણિક કથાને લોકકથાત્મકરૂપે નિરૂપે છે. એની કૃતિ 'ઉષાહરણ' આ વિષયનાં અત્યારે ઉપલબ્ધ ગુજરાતી કાવ્યોમાં પહેલી છે. હરિવંશ અને ભાગવતની ઉષા (ઓખા) કથામાં ઘટિત ઘટાડા વધારા કરી વીરસિંહે ૧૦૦૦ પંક્તિનું મુખ્યત્વે દુહા – ચોપાઈમાં આ કાવ્ય રચેલું છે. આ ઉપરાંત પ્રસંગોપાત્ત ભુજંગપ્રયાત, વસ્તુ, ગાથા, પદ્ધડી અને સારસી ઇત્યાદિ અન્ય છંદો, ઢાળવૈવિધ્ય દર્શાવતાં ગીતો તેમજ 'બોલી' નામથી ઓળખાતા પ્રાસબદ્ધ ગદ્યનો ઉપયોગ કર્યો છે. આ કૃતિનો કાવ્યબંધ કેટલાંકઅંશે પ્રબંધને મળતો છે. ગૌરીપૂજન ઇત્યાદિ સામાજિક રિવાજો, નગર, ગઢ, સેના, યુદ્ધ ઇત્યાદિનું આકષર્ણક નિરૂપણ કે વર્ણન મળે છે. શૃંગાર અને વીરરસની જમાવટ પણ સારી થઈ છે. પાર્વતી–દીપકનો સંવાદ, ઉષાનું વીરાંગના તરીકેનું વ્યક્તિત્વ, કૃતિનાં નાયક–નાયિકાની રસિક સમસ્યાઓ, અર્થાન્તરન્યાસી કહેવતો કથનોનો પ્રયોગ એ આ કૃતિના કેટલાક આકર્ષક અંશો છે. વીરસિંહની સંસ્કૃતમય ભાષા પણ ધ્યાન ખેંચે છે. પદ્યવાર્તામાં વિષયની દૃષ્ટિએ 'ઉષાહરણ' અપવાદરૂપ કૃતિ છે.

વાસુએ દુહા–ચોપાઈમાં ૧૭૦ કડી અને ૨ પદોની બનેલી **'સગાળશા–આખ્યાન / કર્ણકથા'** રચી છે. કૃતિના ભાષાસ્વરૂપને લક્ષમાં લઈ વાસુ ઈ. ૧૪૪૪-૧૪૯૪ દરમ્યાન થયા હોવાનું અનુમાન છે.[૬] સગાળશા કુંતીપુત્ર કર્ણનો અવતાર હતો એ લોકપરંપરાની માન્યતા અને આતિથ્યભાવનને વ્યક્ત કરતું આ કાવ્ય છે. એમાં પ્રસંગોપાત્ત લોભ, દયા, અન્નવિષયક બોધાત્મક સુભાષિતો મળે છે. કૃતિમાં મૂકાયેલાં બે પદો એમાંથી નિષ્પન્ન થતા કરુણભાવને લીધે ધ્યાનાર્હ બન્યાં છે. વાસુની કવિત્વશક્તિ સામાનય છે, તેમ છતાં આ કૃતિની કથામાં વેગ અને રસ તો જોવા મળે જ છે. સાગળશા ચેલૈયાની લોકકથા વ્રત

અને આતિથ્યભાવનને તીવ્રતાથી હૃદયદ્રાવક પરિસ્થિતિએ પહોંચાડી ભક્તનાં સંયમ –નિષ્ઠાને ઉત્કટતાથી સિદ્ધ કરવાનો કથાનો આશય હોઈ પૌરાણિક ન હોવા છતાં આ કથા વાસુ પછી વિવિધ આખ્યાનકારોને હાથે વિકાસ પામી છે. કનકસુંદરે 'સગાળશા આખ્યાન' (ઈ. ૧૬૧૧)માં વાસુની કૃતિનો જ આધાર લઈ રચના કરી છે. લોકકથાઓમાં પ્રચલિત આ પ્રકારના વિષયને આધારે પછીથી આખ્યાનો રચાયાં હોય એવું આ અપવાદરૂપ દૃષ્ટાંત છે.

જૈન પરંપરાના લોકકથાત્મક સિવાયના ચરિત્રાત્મક રાસાની કૃતિઓમાં તથા વૈદિક પરંપરાના પૌરાણિક, ઐતિહાસિક આખ્યાનોમાં લોકકથાના અનેક કથાઘટકો પ્રયોજાયાં છે. પદ્યવાર્તાઓમાં પણ જૈન રાસા અને વૈદિક આખ્યાનના અનેક કથાઘટકો પ્રયોજાયાં છે. પણ આખ્યાનનુ પૌરાણિક વિષયવસ્તુ લોકકથાત્મક પદ્યવાર્તામાં નિરૂપાયું હોય કે આખ્યાને લોકકથાત્મક પદ્યવાર્તાના વિષયવસ્તુનો ઉપયોગ કર્યો હોય એવી કૃતિઓ અપવાદરૂપે જોવા મળે છે. વીરસિંહકૃત 'ઉષાહરણ' પૌરાણિક કથાનકનો પદ્યવાર્તામાં પૂર્ણ ઉપયોગ કરતી અને વાસુકૃત 'સગાળશા ચેલૈયા'ની કથા પદ્યવાર્તાના કથાનકને આખ્યાનમાં પૂર્ણપણે ઉપયોગ કરતી આવી અપવાદરૂપ કૃતિઓ છે. આમ પણ મધ્યકાલીન સાહિત્યસ્વરૂપો વચ્ચેની વ્યાવર્તકતા આછી પાતળી છે. તેમાં અપવાદરૂપ આવી કૃતિઓ જે – તે સ્વરૂપની લાક્ષણિકતા અંગે સંદિગ્ધતા ઉત્પન્ન કરે છે.

આશરે ઈ.ની ૧૫મી સદીના ઉત્તરાર્ધમાં થયેલા હોવાનું મનાતા **જૈનેતર કવિ નરપતિ** પાસેથી બે મહત્ત્વની પદ્યવાર્તાઓ પ્રાપ્ત થાય છે. એક તે **'નંદબત્રીસી ચઉપઈ' (સં. ૧૫૪૫ / ઈ. ૧૪૮૯)** અને બીજી તે **'પંચદંડ – પ્રબંધ –ચઉપઈ' (સં. ૧૫૬૦ /ઈ. ૧૫૦૪)**

'નંદબત્રીસી ચઉપઈ' અને 'પંચદંડ – પ્રબંધ – ચઉપઈ' બન્ને પરંપરાપ્રાપ્ત પદ્યવાર્તાઓ છે. નરપતિની પ્રથમ પદ્યવાર્તા 'નંદબત્રીસી ચઉપઇ'નું મૂળ ગુણાઢ્યની 'બૃહત્કથા' માં હોવાનો સંભવ છે. આ કથાનકને લગતાં અનેક સંસ્કૃત, પ્રાકૃત રૂપાંતરો પ્રાપ્ત થાય છે. ગુજરાતીમાં અત્યાર સુધીની સૌથી પ્રથમ કૃતિ નરપતિની જ છે. નરપતિના અનુગામી સિંઘકુલ, જસરાજ (જિનહર્ષ), વિમલકીર્તિ, નિત્યસૌભાગ્ય, શામળ અને કેટલાક અજ્ઞાત સર્જકો દ્વારા 'નંદબત્રીસી' કથાનકમાં કેટલાંક ઘટાડાવધારા સાથે ગદ્યમય – પદ્યમય 'નંદબત્રીસી' વિષયક કૃતિઓ પ્રાપ્ત થાય છે.

નરપતિની બીજી કૃતિ 'પંચદંડ–પ્રબંધ –ચઉપઈ' દુહા ચોપાઈની આશરે ૮૩૪ કડી અને 'વારતા' નામક ગદ્યઅંશો ધરાવતી પાંચ આદેશમાં વિભક્ત ને 'વિક્રમાદિત્યચરિત્ર રાસ' તથા ઇત્યાદિ નામોથી ઓળખાતી પદ્યવાર્તા છે. કૃતિમાં ક્યાંક પૂર્વછાયા છંદનો પણ ઉપયોગ થયેલો છે. પહેલા આદેશની કડી ૪૫ પૂર્વે રાગ 'કેદારુ' અને બીજા આદેશની કડી ૧૯૯ પૂર્વે રાગ 'ગુડી' નો પણ નિર્દેશ મળે છે. કૃતિમાં વચ્ચે – વચ્ચે સંસ્કૃત શ્લોક મૂકાયા છે. પ્રસ્તુત કૃતિમાં દેવદમની ઘાંચણના પાંચ આદેશ રાજા વિક્રમ

પાળી બતાવે છે. તેની કથા છે. પહેલા આદેશમાં વિક્રમ દેવદમનીની પુત્રી દમનીને દૈવી મદદથી ચોપાટમાં હરાવી પરણે છે. બીજા આદેશમાં સોપારા નગરની ઉમાદે પાસેથી સિદ્ધિદંડ અને કનકનગરના રાક્ષસ પાસેથી વિજયદંડની પ્રાપ્તિ વિક્રમ કરે છે, તથા બન્ને નગરની રાજકન્યાઓને પણ એ પરણે છે, ત્રીજા આદેશમાં ખંભાત નગરની રાજકુંવરી પાસેથી સપ્તધાતુની હીરામાણેકભરી પેટી વિક્રમ મેળવે છે અને એને પણ પરણે છે. ચોથા આદેશમાં ઘડરા ઘનશ્રેષ્ઠીની યુવાન પત્નીના જારકર્મનો અને એની સૂચનાથી કોચી કંદોયણ પાસે જતાં વિક્રમ પોતાની રાણીના કુકર્મનો પણ સાક્ષી બને છે અને એ કોચી કંદોયણ પાસેથી કામિકદંડ મળેવે છે. પાંચમાં આદેશમાં વિશ્વરૂપ પુરોહિતની પુત્રી ગોમતી પાસેથી તમહરદંડ અને વિષહરદંડ મેળવે છે અને ગોમતી તથા એની સહિયરોને વિક્રમ પરણે છે.

એ નોંધપાત્ર છે કે નરપતિની આ કૃતિમાં ત્રીજા આદેશમાં માત્ર હીરામાણેકભરી પેટી મેળવ્યાની વાત આવે છે. આ કથાપરંપરામાં અન્યત્ર પેટી સાથે અભયદંડ મેળવ્યાની વાત આવે છે તે નરપતિની કૃતિમાં નથી.

નરપતિની કથારચનામાં ક્યાંય સુશ્લિષ્ટતા જણાતી નથી, વર્ણનો નામસૂચિ જેવાં છે. પરંતુ કૃતિમાં આવતા સંવાદો, રૌદ્ર–અદ્‌ભુતરસનાં ચિત્રો, હાસ્યવિનોદની ઝડપેલી તક, કેટલુંક વાસ્તવિક સમાજચિત્રણ ઇત્યાદિ નોંધપાત્ર છે. નરપતિની વાણી પ્રાસાદિક છે અને એમાં ઘણાં સૂભાષિત ગૂંથાયાં છે.

સંસ્કૃતમાં 'પંચદંડછત્ર–પ્રબંધ'ના કથાગુચ્છ ઉપર રામચંદ્ર, પૂર્ણચંદ્ર, ત્રિવિક્રમ, વિજયકુશલ, દેવમૂર્તિ, શુભશીલ, અજ્ઞાત સર્જકો ઇત્યાદિએ રચના કરી છે. જૂની ગુજરાતીમાં 'વિક્રમપંચદંડ ચોપાઈ' કે 'પંચદંડ ચતુષ્પદી' નામે જીનહરે (૧૫૦૦), અજ્ઞાતકર્તૃક 'પંચદંડછત્રચરી' (૧૫૦૦), માલદેવે (૧૫૯૪ આસપાસ), રાજધરની 'પંચદંડ' (૧૭મી શતાબ્દી), માનવિજયની 'પંચદંડ છત્રોત્પત્તિ – પ્રબંધ' (૧૬૬૬ ?), લક્ષ્મીવલ્લભની 'વિક્રમ, પંચદંડ–ચઉપઈ' (૧૬૭૨), ભાણવિજયની 'પંચદંડ–રાસ' (૧૭૭૪), શામળ 'પંચદંડની વાર્તા' ('સિંહાસનબત્રીસી'ની પાંચમી વાર્તા, ઈ. ૧૭૨૧ થી ૧૭૪૫ ની વચ્ચે), હેત વિજય (૧૮૧૪) ઇત્યાદિ સર્જકોએ પદ્યવાર્તા રચી છે.

ભાલણ મુખ્યત્વે આખ્યાનકાર અને પદકવિ તરીકે જ પ્રસિદ્ધ છે, પણ એની પાસેથી સંસ્કૃતમાં રચાયેલી કવિ બાણ અને પુલિનની ગદ્યમય કૃતિ 'કાદંબરી' નો ગુજરાતીમાં પદ્યમય ઉત્તમ અનુવાદ પણ પ્રાપ્ત થાય છે. ઈ. ૧૪૮૯ આસપાસ કાલ્પનિક રસપ્રદ કૃતિ 'કાદંબરી' ના પૂર્વભાગ અને ઉત્તરભાગનો કુલ ૪૦ કડવાંમાં સારાનુવાદ આપતી ભાલણની આ કૃતિ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે. કવિએ આખ્યાનકૃતિનું બંધારણ આ કૃતિમાં સ્વીકાર્યુ છે. કડવાબદ્ધ નિરૂપણ હોવા છતાં એમનાં કડવાંઓ વલણ કે ઊથલા વગરનાં છે. જે આખ્યાનબંધની પ્રાથમિક દશાને સૂચવે છે. અતિપંડિતો માટે નહીં પણ સંસ્કૃત ન જાણનાર 'મુગધરસિક' જનો માટે 'કાદંબરી'ને ગુજરાતીમાં ઉતારવાનો હેતુ હોવાથી

કવિએ અહીં કલ્પના અને અલંકારસભર બાણની સંસ્કૃત ગદ્યમય રચનાનું મૂળ વક્તવ્ય પકડી સાદું, સરળ પણ ગૌરવયુક્ત પદ્યમય ભાષાંતર પોતાના કૌશલસૂઝથી સિદ્ધ કર્યું છે. વિલાસવતીની પુત્રઝંખના ઇત્યાદિ જેવા કેટલાંક પ્રસંગ ઉમેરણ ભાલણની સૂઝ અને કવિત્વશક્તિ પ્રગટ કરે છે. આ પ્રકારના સંક્ષેપ કે ઉમેરણ છતાં મૂળ કૃતિને એવું કોઈ નવું રૂપ મળતું નથી કે જેથી આ કૃતિને ભાલણનું પ્રતિનિર્માણ લેખી શકાય.

મધ્યકાલીન ગુજરાતી પદ્યવાર્તા સાહિત્યમાં ભાલણને પગલે ઉત્તમ સંસ્કૃત કથાઓના પદ્યમય ભાષાંતરની પગદંડી સુસ્પષ્ટ બની છે.

સોળમી સદી

ગણપતિએ રચેલી ૮ અંગ અને ૨૫૦૦ દુહામાં વિસ્તરતી **'માધવાનલ કામકંદલાદોગ્ધક – પ્રબંધ' (સં. ૧૫૭૪ કે ૧૫૮૪ / ઈ. ૧૫૧૮ કે ૧૫૨૮,** શ્રાવણ સુદ ૭, મંગળવાર) મધ્યકાલીન પદ્યવાર્તા પરંપરામાં પ્રાપ્ત થતી મોટામાં મોટી કૃતિ છે.

આ કૃતિના અંતમાં પ્રેમીઓના પુનર્મિલનમાં વિક્રમ સહાયરૂપ થાયછે, એને બાદ કરતાં પ્રસ્તુત કથાનકને વિક્રમકથાચક્ર સાથે કોઈ સંબંધ નથી. શક્ય છે કે વિક્રમના પાત્રને મળેલા લોકાદરથી પ્રેરાઈને સ્વતંત્ર એવા કથાનકમાં અંતે વિક્રમને પાત્રરૂપે સાંકળી લેવામાં આવ્યો હોય.

આ કૃતિનું કથાનક મૂળ કંઈ પરંપરામાંથી આવ્યું છે એ અંગે ચોક્કસપણે કંઈ જ કહી શકાય તેમ નથી. પણ સંસ્કૃતમાં રચાયેલા આનંદધનકૃત 'માધવાનલ નાટકમ્' અને વિક્રમકથાચક્ર પ્રાપ્ત થતાં કથાનકોના સમયગાળા ઉપરથી અનુમાન કરતાં પ્રસ્તુત કથાનક તેરમી સદીના અંત જેટલું જૂનું તો ઓછામાં ઓછું ધારી શકાય.[૭]

આ શૃંગારપ્રધાન કાવ્ય હોઈ કવિએ મંગલાચરણમાં સરસ્વતી અને ગણેશની પણ પહેલાં કામદેવની સ્તુતિ કરી છે. કૃતિમાં કેટલાંક સ્થાને કવિએ મુક્તપણે સંભોગશૃંગારને ગાયો છે. લગભગ ત્રણ વાર આવતો અને ૨૦૦ જેટલી કડીઓમાં વિસ્તરતો સમસ્યાવિનોદ, કામકંદલા અને માધવાનલની વિરહાવસ્થાની અને બંનેના ભોગવિલાસની બારમાસી, વિવિધ મનોવૃત્તિઓ તથા ભાવાવસ્થાઓને તાદૃશ કરતાં હૃદયગમ અને કલ્પના સમૃદ્ધ નિરૂપણો, આલેખનો, કાવ્યત્વથી ઓપતા વિવિધ વર્ણનો ઇત્યાદિ પ્રસ્તુત કૃતિની નોંધપાત્ર વિશેષતાઓ છે. સંસ્કૃત સાહિત્ય પરંપરાથી ગણપતિનું કવિત્વ પ્રભાવિત છે. તેની આ પદ્યવાર્તા મધ્યકાલીન સાહિત્યમાં જુદી જ ભાત પાડે છે.

માધવાનલકથા ઉપર આનંદધર અને ગણપતિ ઉપરાંત વ્રજમાં 'રસવિલાસ' નામે માધવશર્માએ (આશરે ૧૫૪૪ પહેલાં), જૂની ગુજરાતીમાં રાસરૂપે કુશળલાભ (૧૫૬૦), અવધીમાં આલમે (૧૫૮૪),

હિંદીમાં કેસિ (૧૬૬૧) અને બોધાએ 'વિરહવારીશ' નામે, ગુજરાતીમાં સત્તરમા શતકના અજ્ઞાન જૈનેતર કવિએ અને છેલલે શામળે 'સિંહાસનબત્રીસી' અંતર્ગત આ કથા રચી છે. તે આ કથાનો બહોળો ફેલાવો અને લોકપ્રિયતાનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

ખરતરગચ્છના જૈન સાધુ **કુશલલાભ** ઈ.૧૬મી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયા. એને દુહા – ચોપાઈબદ્ધ ૬૬૨ કડીની **'માધવાનલ કામકંદલા –ચોપાઈ' (ઈ.૧૫૬૦ / સં. ૧૬૧૬** ફાગણ સુદ ૧૩, રવિવાર)માં માધવાનલકામકંદલાની જાણીતી પ્રેમકથા મર્યાદિત શૃંગારનિરૂપણ સાથે આલેખેલીછે. કુરાલલાભની સજ્જતા સમસ્યાઓ, ગૂઢોક્તિઓ, સંસ્કૃત – પ્રાકૃત તથા ગુજરાતી સુભાષિતોના પ્રચુરતાથી થયેલી વિનિયોગમાં જોવા મળેછે.

કુશલલાભની દુહા– ચોપાઈની આશરે ૩૬૦ (મુદ્રિત કૃતિમાં ૪૦૦) કડી તથા 'વાત' નામક ગદ્યમાં રચાયેલી **'મારુ ઢોલા ચઉપઈ'** (ઈ. ૧૫૬૧/ સં. ૧૬૧૭, વૈશાખ સુદ ૩, ગુરુવાર) રાજસ્થાનના એક અંત્યંત લોકપ્રિય કથાનકને આલેખે છે.

રાજસ્થાનમાં વિરહપ્રેમના અત્યંત ઉત્કટ અને તાજગીભર્યા ઢોલા–મારુના દુહા ઘણા જાણીતા છે. કવિએ પોતાની કૃતિમાં એ પ્રચલિત સાહિત્યનો લાભ ઉઠાવ્યો છે.દુહા 'ઘણા પુરાણા' અને ચોપાઈબંધ પોતાનું હોવાનો ઉલ્લેખ કવિએ પોતે જ કર્યો છે. ટેકણરૂપ દુહા પછી ચોપાઈમાં થોડું વિગતે પ્રસંગવર્ણન અને 'વાત'માં સંવાદ ઇત્યાદિ દ્વારા કથા નિરૂપણ એ જાતનો રચનાબંધ કવિએ સ્વીકાર્યો છે. આ કારણે દુહા, ચોપાઈ તથા 'વાત' ની સામગ્રી થોડી સમાન ચાલે છે. 'વાત'ની ચારણી કથનશૈલી, એમાં વણાતું રાજદરબારી વસ્તુ અને રાજસ્થાની ભાષાસ્વરૂપના કારણે કુશલલાભે 'વાત' પણ પરંપરામાંથી સંકલિત કરેલ હોવાનો સંભવ છે.

ભૌગોલિક દૂરતા જેવા વાસ્તવની ભૂમિકામાં પાંગરેલી આ કથા નોંધપાત્ર છે. મારવણીનું સ્વપ્ન, સંદેશ, ઢોલાનો તલસાટ, ઢોલા–મારવણીનું મિલન ઇત્યાદિ વર્ણન અંશો સુંદર છે. કૃતિમાં પ્રાપ્ત થતાં દુહાઓની કુલ સંખ્યા આમ તો ૬૭૮ છે. પણ ફ્રેન્ચ વિદુષી શાર્લોત વોદવિલે કુશલલાભે રચેલા મારુ–ઢોલાની કથાનાં મૂળ ગણી શકાય એવા કુલ ૩૬૦ દુહાઓ તારવ્યા છે. કુશલલાભ જૈન સાધુ હોવા છતાં એને પોતાની પદ્યવાર્તાઓને ધાર્મિક રંગ આપ્યો નથી એ ખાસ નોંધપાત્ર છે.

જૈન છે કે જૈનેતર એ સ્પષ્ટ થઈ શક્યું નથી એવા કવિ મતિસારે આશરે ૨૦૦ (કેટલીક પ્રતો મુજબ -૪૧૧) કડીની **'કર્પૂરમંજરી –રાસ' (સં. ૧૬૦૫ / ઈ. ૧૫૪૯,** ચૈત્ર સુદ૧૧, રવિવાર) પદ્યવાર્તા રચી છે. મુખ્યત્વે દુહા–ચોપાઈ બંધમાં રચાયેલી કૃતિની કથા આ પ્રમાણે છે :

મૂતિમાં કંડારાયેલા રાજકુમારી કર્પૂરમંજરીના પ્રેમમાં લુબ્ધચિત્ત બનેલો નાયક રૂપસેનને એના મિત્ર સીંઘલસી અનેક વિઘ્નો પાર કરી કર્પૂરમંજરીની પ્રાપ્તિ સુલભ બનાવે છે અને રૂપસેન ઉપર આવતી

ચાર મોટી ઘાત અટકાવે છે. વિષય પરિસ્થિતિ પેદા થતાં ઘાત અંગેની વાત ગુપ્ત ન રાખી શકતા મિત્ર પથ્થરનો બની જાય છે અને અંતે કર્પૂરમંજરીના સતીત્વના પ્રભાવે પથ્થરરૂપ બનેલો મિત્ર સજીવન થાય છે.

આ કથા વિશ્વમાં અને ભારતનાં વિવિધ પ્રાંતોમાં પણ મળે છે. સ્ટિથ થોમસને 'ફોકટેઈલ'માં કથાબિંધ ક્રમાંક ૫૧૬માં 'ફેઈથફૂલ જહોન' ના નામે આ કથાનાં વિવિધ રૂપાંતરો નોંધ્યાં છે. 'કથાસરિત્સાગર'માં મળતી કર્પૂરિકાની કથા સાથે સામ્ય ધરાવતી આ વર્તામાં મુખ્ય કથાનકનો સંબંધ વિક્રમ વગેરે લોકકથાના જાણીતા વીર નાયકોને સ્થાને ગુજરાતના પ્રતાપી રાજા સિદ્ધરાજ સાથે જોડ્યો છે તે ધ્યાન ખેંચતી હકીકત છે.

વડતગચ્છના જૈન સાધુ **કનકસુંદરે** ૪ ખંડ અને ૭૩૨ કડીમાં **'કર્પૂરમંજરી–રાસ' (ઈ. ૧૫૫૭ કે ઈ. ૧૬૦૬?)** રચેલો છે. એણે મતિસારની કૃતિથી કેટલાક નોંધપાત્ર ફેરફારો કર્યા છે અને કૃતિને ધાર્મિક પાસ આપ્યો છે. કનકસુંદરની કૃતિમાં નાયક સાર્થવાહ મોહસાર છે અને તેનો સહાયક તેનો નાનોભાઈ ગુણસાર છે, જે કાંતિનગરમાં વસીને ચાલાકીથી કૂર્પરમંજરીનું હરણ કરે છે. કર્પૂરમંજરી પણ અહીં સ્ત્રીરાજ્યની અધિનાયિકા નહીં પણ કાંતિનગરના મંત્રી બુદ્ધિ સાગરની પુત્રી છે. વળી, કનકસુંદરની કથામાં સિદ્ધરાજનું પાત્ર છેવટ સુધી ક્રિયાશીલ જોવા મળે છે. સિદ્ધરાજના સમકાલીન હેમચંદ્ર સૂરિનું પાત્ર નવું દાખલ થાય છે. જે જિનધર્મનો મહિમા પ્રગટ કરવામાં ઉપકારક બને છે. પાત્રો ઉપરાંત કનકસુંદરે કેટલાક પ્રસંગોમાં પણ ફેરફાર કર્યો છે. કાંતિનગર પર કરેલી ચડાઈ દરમ્યાન એના પાસવાને યુક્તિથી મેળવેલા કર્પૂરમંજરીના નખ ઉપરથી ગંગાધર સલાટ પૂતળી ઘડે છે. એવું વૃત્તાંત ઉમેરાય છે. કનકસુંદરે કેટલાક ચમત્કૃતિપૂર્ણ નવા પ્રસંગો પ્રયોજ્યાછે, તો મતિસારની કૃતિમાં કેન્દ્રસ્થાને રહેલો કાષ્ઠના ઘોડા તથા રૂપસેનને નડતાં વિઘ્નોનો પ્રસંગ બાદ કર્યો છે અને એ રીતે અપ્રતીતિજનક અંશો નિવાર્યા છે. કનકસુંદરની કૃતિ એના ધાર્મિક પાસ આપવાનાં પ્રયત્નનાં લીધે કેટલીક રીતે મર્યાદારૂપ પણ બની છે. હેમચંદ્રસૂરિને મુખે મુકાયેલા નાયક–નાયિકાની દાનશીલતા વર્ણવતા પૂર્વભવ–વૃત્તાંત, પ્રસંગોચિત્ત વ્યવહારબોધ આપતી ૬ આડકથાઓ, દાનમહિમાનો હેતુ વણીલઈને વારંવાર પ્રગટ થતી જૈન ધર્મની મહત્તા ઇત્યાદિ કનકસુંદરની કૃતિમાં મર્યાદારૂપ બન્યાં છે. તેમછતાં કવિનું ભાષાપ્રભુત્વ અને છંદ પ્રભુત્વ નોંધપાત્ર છે, સમગ્રતયા એની કૃતિ સુવાચ્ય બની છે.

*

સોળમી સદીમાં કોઈ **અજ્ઞાત સર્જકકૃત 'પ્રેમાવતી'** નામે કુલ ૧૧૩ પંક્તિની લઘુ પદ્યવાર્તા મળે છે. શામળે રચેલી 'પદ્માવતી'ની વાર્તાના માળખારૂપ આ જ કથા હોવાનું હસુ યાજ્ઞિક જણાવે છે.[૮]

આ 'પ્રેમાવતી'ની પ્રચલિત કથાને આધારે વચ્છરાજે **'રસમંજરી'** (સં. ૧૬૩૫/ઈ. ૧૫૭૯, અસાઢ સુદ

૭, રવિવાર) પદ્યવાર્તા રચી છે. જે દુહા, ચોપાઈ, છપ્પામાં ૬૦૫ કડીમાં કહેવાઈ છે.

પરદેશ જતા પ્રેમરાજ પાસે એની પત્ની પદ્માવતીએ 'સ્ત્રીચરિત્ર' લઈ આવવાનું કહ્યું. પ્રેમરાજને લખીલીલા નામની વેશ્યાએ સ્ત્રીચરિત્રના જીવતાજાગતા નમૂના જેવી કોઈ સ્ત્રીને લઈ જવાનો અજબ નુસખો શીખવ્યો. સ્ત્રીવેશી પ્રેમરાજ ધનાશેઠની પુત્રવધુ રસમંજરીના સંપર્કમાં આવ્યો અને એ પુરુષ હોવાનું જાણી ગયેલી રસમંજરી એના પ્રેમમાં પડી. પતિની હત્યા કરી પોતે નિર્દોષ અને કુલસ્ત્રી હોવાનો સ્વાંગ રચી, સસરાની આબરૂ બચાવવાનો ઉપકાર ચડાવી પ્રેમરાજ સાથે ગઈ. અંતે પ્રેમરાજની પ્રથમ પત્ની પદ્માવતીના સ્ત્રીચરિત્રની પરખ પતિને કરવી પતિના હૃદયમાં પોતાનું સ્થાન દૃઢ કર્યું અને પદ્માવતીનો દોષ ખુલ્લો પાડી શરમિંદી બનાવી સખી તરીકે રાખી.

આ કૃતિનો રસિક ભાગ ઉત્તરાધર્મમાં રસમંજરીએ કરેલી યુક્તિ–પ્રયુક્તિઓ અને એ દ્વારા બતાવેલા સ્ત્રીચરિત્રના આલેખનમાં રહેલો છે. સુગ્રથિત અને પ્રવાહી કથાનિરૂપણરીતિ ધરાવતી 'રસમંજરી' પ્રબંધ, રાસ, ચરિત કે આખ્યાનરૂપે નહીં પરંતુ દુહા–ચોપાઈ–છપ્પામાં સળંગ બંધમાં લખાતી શામળ ઢબની પદ્યવાર્તાની પૂર્વરૂપ રચના તરીકે મહત્ત્વની અને નોંધપાત્ર કૃતિ છે. કૃતિમાં વચ્ચે – વચ્ચે પ્રસંગોપાત્ત મૂકાયેલાં સુભાષિતરૂપ મુક્તકો પણ શામળની શૈલીનું સ્મરણ કરાવે છે.

ઈ. ૧૬મી સદીના મધ્યભાગમાં થયેલા સંસ્કૃતજ્ઞ કવિ જ્ઞાનાચાર્ય જૈન કે જૈનેતર હતા એ સ્પષ્ટ થતું નથી. પરંતુ કેટલાક વિદ્વાનોના મતે એ જૈન હતા એવો સૂર પ્રધાનપણે પ્રગટ થતો જોવા મળે છે. ભાલણે સંસ્કૃત સાહિત્યની ઉત્તમ પ્રેમકથા 'કાદંબરી'નો જૂની ગુજરાતીમાં સફળ અનુવાદ આપ્યો તેવો ઈ. ૯૫૩ થી ૯૭૩ વચ્ચેના સમયગાળાના મનાયેલા બિલ્હણકાવ્યના સંસ્કૃતનો ગુજરાતી અનુવાદ ઈ. **૧૫૪૪માં જ્ઞાનાચાર્યે** આપ્યો. કાશ્મીરી કવિ બિલ્હણના શશિકલા સાથેના વિલાસોના સ્મરણોદ્‌ગારો રૂપે પ્રાપ્ત થતી બિલ્હણની જ રચના મનાતી સંસ્કૃત 'બિલ્હણ–પંચાશિકા'નું અને એમાં કથાભાગ ઉમેરીને થયેલા સંસ્કૃત 'બિલ્હણકાવ્ય'નું ગુજરાતીમાં દુહા, ચોપાઈની ૧૫૨ કડીમાં '**બિલ્હણ પંચાશિકા**' નામે રૂપાંતર જ્ઞાનાચાર્યે કર્યું છેઃ

રાજકુમારી શશીકલા અને યુવાન ગુરુ બિલ્હણ વચ્ચે જન્મતો પ્રેમ અને રતિ–આનંદ આ કથાના કેન્દ્રમાં છે. રાજા દ્વારા વધની સજા પામેલા બિલ્હણને અંતિમ ક્ષણે ઇષ્ટદેવનું સ્મરણ કરવાનું કહેતાં એ શશીકલાને જ ઇષ્ટદેવનું સ્મરણ કરવાનું કહેતા એ શશીકલાને જ ઇષ્ટદેવ ગણે છે ને શશીકલા પણ આત્મહત્યા કરવા તૈયાર થાય છે, એ જાણીને અંતે રજા બંનેને પરણાવે છે.

ગણપતિકૃત 'માધવાનલ કામકંદલા દોગ્ધક પ્રબંધ'ની જેમ શૃંગારપ્રધાન આ કૃતિના આરંભે કામદેવની વંદના કરેલી જોવા મળે છે. આ કાવ્યમાં કવિની નેમ પ્રેમનો – કામનો મહિમા સ્થાપિત કરવાની હોઈ ૧૫૨ કડીના આ કાવ્યમાં અર્ધ ઉપરાંત ભાગ તો ગુરુશિષ્યાની દશવીસ દિવસની

પ્રેમકેલીનાં ચિત્રો વર્ણવામાં રોકાયો છે. કાવ્યનો સૌથી આકર્ષક ભાગ બિલ્હણ પોતાની ઇષ્ટદેવતા શશીકલાનું પચાસેક કડીમાં સ્મરણ કરે છે જે એના 'પંચાશિકા' નામને સાર્થક કરે છે તે છે. આ ઉપરાંત શશીકલાના સૌંદર્યનું, એના શૃંગારનું, એની સાથેની રતિક્રીડાનું, ક્વચિત, પ્રેમીઓ વચ્ચે થતાં રિસામણા મનામણાનું, શૃંગાર સજતાં અરીસામાં દેખાતા આવી પડેલા પ્રેમીને જોતાં લજ્જા પામતી શશીકલાનું ચિત્રણ વર્ણન વીગતભર્યું, ઉન્મત, પ્રગલ્ભ અને મધુરતાયુક્ત છે, તે ગુજરાતી સાહિત્યમાં વિરલ છે. રાવણે સીતાને માટે ૧૦ માથાં આપ્યાં તો હું ૧ માથું આપું એમાં શું? – એમ કહેતા બિલ્હણની ખુમારી સ્પર્શી જાય એવી છે.

આ કાવ્ય ઉપરાંત 'બિલ્હણ પંચાશિકા'ની પૂર્તિ તરીકે યોજાયેલી દુહા–ચોપાઈની ૪૦ ગુજરાતી કડી અને ૨૦ ગુજરાતી મિશ્ર ભ્રષ્ટ સંસ્કૃતની કડીરૂપે **જ્ઞાનાચાર્યની 'શશિકલા** પંચાશિકા' નામની કૃતિ ઉપલબ્ધ થાય છે. આ કૃતિ કવિ ભૂવરની મૂળ સંસ્કૃત કૃતિ 'શશિકલા પંચાશિકા / બિલ્હણ – પંચાશ– પ્રત્યુત્તરમ્ / નરેન્દ્રતનયા સંજલ્પિતમ્' (ઈ. ૧૫૪૫)ને આધારે રચાયેલી છે. કાવ્યના આરંભે શશિકલા સખી સાથે બેઠી હોય છે ત્યારે સખી એને બિલ્હણની જેમ ગર્વ મૂકી પ્રેમસંબંધ મુક્ત મને કહેવા અનુરોધ કરે છે. આના પ્રત્યુત્તરરૂપે શશિકલા બિલ્હણ સાથેના પોતાના વિહારનું, શૃંગારાનુભવનું સ્મૃતિમધુર ચિત્ર આલેખે છે. એમાં નાયકનું રૂપવર્ણન, જુદાં–જુદાં પ્રસંગોએ કરેલાં પ્રણય વ્યવહારનું નિરૂપણ સ્ત્રીની ઉક્તિમાં કરાયું હોઈ સુરુચિપૂર્ણ અને સંયમિત અભિવ્યક્તિ સાંધે છે. કૃતિમાં ધ્રુવપંક્તિની જેમ વારંવાર આવતો 'વાર વાર સંભારુ તેહ, પ્રાણ પાહિ વાહલુ વર એહ' શશિકલાના મુખે મૂકાયેલા એ ઉદ્ગાર એના બિલ્હણ સાથેના ઘનિષ્ઠ પ્રેમનો અભિવ્યંજક બને છે.

બિલ્હણકાવ્ય અને શશિકલાના કાવ્યમાં એક પાત્રના મનોભાવરૂપે જ કથાનિરૂપણ થયું છે, જ્યારે ચોપાઈની કુલ ૧૨૩ પંક્તિ ધરાવતી કોઈ અજ્ઞાત કવિની શશિકલા –કાવ્યની રચનામાં એ પ્રસંગ કથ્યવૃત્તાંતરૂપે નિરૂપાયેલો મળે છે. જ્ઞાનાચાર્યની રચનાઓ પાત્રના મનોમંથન કે વિચાર સંક્રમણ રૂપે આલેખાતી ઘટના જેવી છે, જ્યારે અજ્ઞાત સર્જકની રચના કથનાત્મક છે. બિલ્હણ કે શશિકલાના ભાવોદ્ગારરૂપ કાવ્યરચનાને લોકભોગ્ય કથાકૃતિ બનાવવાનો અજ્ઞાત સર્જકે પ્રયત્ન કર્યો છે. કડીના અંતિમ શબ્દથી અનુગામી કડીનો આરંભ કરીને સાંકળી –કાવ્ય બનાવવામાં આવ્યું છે. કૃતિનો રચનાબંધ સપ્રમાણ અને નિરૂપણ જોમેલી હથોટીવાળું છે.૯

આગળ જણાવ્યું હતું તેમ વિક્રમના પાત્રને મળેલા લોકાદરથી પ્રેરાઈને પદ્યવાર્તાકારોએ શેરને માથે સવાશેર જેવા વિક્રમ પુત્ર વિક્રમચરિત્રને પાત્રરૂપે સાંકળીને કેટલીક સાહસ શૈર્ય – ચાતુર્ય અને પ્રેમની પદ્યવાર્તાઓ રચી છે. સોળમી સદીમાં વિક્રમચરિત્ર અંગે મળતી કથાઓમાં મુખ્ય બે છેઃ એક તે ઉદયભાનુકૃત 'વિક્રમચરિત્રરાસ' અને બીજી તે મધુસૂદન વ્યાસકૃત 'હંસાવતી – વિક્રમચરિત્ર –વિવાહ'.

પૂર્ણિમાગચ્છના જૈન સાધુ ઉદયભાનુએ ૫૬૦ (કેટલીક પ્રતો મુજબ ૫૬૫) કડીમાં **'વિક્રમચરિત્ર-રાસ' (સં. ૧૫૬૫/ ઈ. ૧૫૦૯,** જેઠ સુદ– રવિવાર)ની રચના કરી જે મુખ્યત્વે દુહા અને ચોપાઈમાં છે, પરંતુ પ્રસંગોપાત્ત એમાં વસ્તુ અને ગાથા એ છંદો તથા દેશી ઢાળનો પણ ઉપયોગ થયેલો છે. કવિએ ગાથામાં સામાન્ય રીતે પ્રાકૃત ભાષાનો ઉપયોગ કરી પોતાના ભાષા કૌશલ્યનો પરિચય આપ્યો છે. ઢાળનો ઉપયોગ એક વખત સ્ત્રીચરિત્રનો મહિમા ગાવા કર્યો છે.

ઉદયભાનુરચિત આ કૃતિ સાહસ–ચાતુર્યની કથાકૃતિ છે. વસ્તુત કૃતિ બે કથાભાગમાં વહેંચાઈ જાય છે. પહેલા કથાભાગમાં અસાઈતની 'હંસાઉલી'ના પહેલા ખંડને મળતું કથાવસ્તુ છે. એમાં રાજા વિક્રમ પોતે જોયેલી સ્વપ્ન–સુંદરી પુરુષદ્વેષિણી લીલાવતીને પ્રધાનની મદદથી પરણે છે. બીજા કથાભાગમાં લીલાવતીને મૂકીને જતા રહેલા રાજા વિક્રમને, લીલાવતીનો પુત્ર વિક્રમચરિત્ર વિક્રમના નગરમાં જઈ પોતાની ધૂર્તવિદ્યાથી પાઠ ભણાવે છે તેના વિવિધ પ્રસંગો વર્ણવાયા છે. પહેલા કથાભાગની તુલનાએ બીજો કથાભાગ વધારે ઝડપથી ચાલતો જોવા મળે છે. ઉદયભાનુએ પ્રસંગોપાત્ત વર્ણન, દૃષ્ટાંતગ્રથન, સમાજચિત્રણ, વ્યવહારોપદેશની તક ઝડપી છે. જો કે આ બધાંમાં પ્રસંગૌચિત્ય અને સપ્રમાણતાનો ગુણ જાળવ્યો છે. કૃતિનો છંદોબંધ સફાઈભર્યો અને ભાષાશૈલી પ્રૌઢ તથા પ્રવાહી છે. કૃતિના અંતે લાક્ષણિક જૈન ઉપશમન આવે છે.

જ્ઞાતિએ બ્રાહ્મણ **મધુસૂદન વ્યાસની 'હંસાવતી – વિક્રમકુમાર–ચરિત્ર / હંસાવતી વિક્રમ ચરિત્ર ચોપાઈ/ વિવાહં** દુહા, ચોપાઈ ને વિવિધ રાગઢાળના બંધવાળી પદ્યવાર્તા છે. ૩૪૩ થી ૮૦૮ કડી સુધી વિસ્તરતી પ્રતો મળે છે અને એ પ્રતો રચનાવર્ષ પણ જુદાં–જુદાં દર્શાવે છે. પરંતુ ભાષા અને અન્ય **સંદર્ભોને લક્ષમાં લેતાં કૃતિની રચના સં. ૧૬૧૬ / ઈ. ૧૫૬૦ (શ્રાવણ વદ ૩, રવિવાર)માં થઈ હોવાનું વધારે આધારભૂત મનાય છે.**

અંધકારે થતી ઓળખભૂલે પ્રેમીને બદલે ભળતા માણસ સાથે અજાણ્યે નાસી જતી પ્રેમિકા, પુરુષ વેશધારી નાયિકાનો પ્રવાસ અને રાજ્યાધિકાર પ્રાપ્તિ, પ્રિયપાત્રની ભાળ ઇત્યાદિ જાણીતાં કથાઘટકો આ કૃતિમાં પ્રયોજાયાં છે. અલંકરણશક્તિ, કેટલાંક સુગેય વિલાપગીતોમાં કવિનું કાવ્યત્વ જોવા મળે છે. તત્કાલીન સામાજિક –ધાર્મિક માન્યતાઓ, લોકાચારો, ભારતનાં નગરોની કવિની જાણકારી તથા કૃતિમાં વચ્ચે–વચ્ચે આવતા સંસ્કૃત શ્લોકો પરથી દેખાતું કવિનું સંસ્કૃતજ્ઞાન આ કૃતિની ધ્યાનપાત્ર લાક્ષણિકતાઓ છે.

વિક્રમચરિત્રકુમારની અન્ય રાસબંધની પદ્યવાર્તાઓમાં આગળ જેની નોંધ લીધી છે તે ઇ. ૧૪૪૩ માં સાધુકીર્તિકૃત 'વિક્રમચરિત્રકુમાર રાસ' તથા **જિનહર** (૧૫૦૦), **અભયસોમ** (૧૬૬૮), **ઉદયવિજય** (૧૭૩૯), **ચતુર્ભુજ** (પ્રત લખ્યાં સં. ૧૮૮૧ / ઈ. ૧૮૨૬) ઇત્યાદિ સર્જકોની કૃતિઓનો સમાવેશ થાય

છે.

સોળમી સદીમાં રાસારૂપે રચાયેલી લોકરંજક પદ્યવાર્તાઓની નાની -મોટી પચાસેક કૃતિઓમાંથી વિક્રમકથાચક્ર સાથે સંકળાયેલી કૃતિઓમાં – **વેતાળપચીસી** (દેવશીલ ૧૫૬૩, હેમાણંદ ૧૫૯૦, કલ્યાણ પ્ત ૧૬૩૫, સુજાણહંસ પ્રત ૧૭૦૯, કૃષ્ણવિજય પ્રત ૧૭૭૩), **વિક્રમ અને ખાપરાચોર** (મંગલમાણેક ૧૫૮૨, જિનહર્ષ ૧૬૬૭, અજ્ઞાત પ્રત ૧૭૧૩) તથા અન્ય લોકકથા તરીકે **અબંડકથા** (વિનયસમુદ્ર ૧૫૪૩, મંગલમાણેક ૧૫૮૨, ભાવરત્ન ૧૭૪૪), **સૂડાબહોતેરી** (રત્નસુંદર ૧૫૮૨), **ચિત્રસેન પદ્માવતી** (વિનયસમુદ્ર ૧૫૪૭, ભક્તિવિજય ૧૬ મી સદી, કલ્યાણચંદ્ર ૧૫૬૨, હરિતરુચિ ૧૬૬૦, વિનયસાગર ૧૭મી સદી, બુદ્ધિવિજય ૧૭૫૨, રામવિજય -રૂપચંદ ૧૭૫૭), **દેવરાજ–વચ્છરાજની કથા** (લાવણ્યરત્ન ૧૫૧૫,લાવણ્યસમય ૧૫૫૮ પહેલાં, કલ્યાણદેવ ૧૫૮૭, વૈરસાલ ૧૬૫૬, વિનયલાભ ૧૬૭૪) તથા **રૂપચંદ, કનકાવતી, સુરસુન્દરી, ભોજ, અમરદતત, કુલુધ્વજકુમાર, પરદેશી રાજા, મલયસુંદરી, લીલાવતી, ભરડક, વંકચૂલ, શ્રીપાલ, કવચન્ના કુલધ્વજ ઇત્યાદિ પાત્રો સાથે સંકળાયેલી કથાઓ** મુખ્ય છે.[૧૦]

'કાદંબરી', 'બિલ્હણ પંચાશિકા', 'સિંહાસનબત્રીસી', 'વેતાલપચીસી'ની જેમ 'પંચતંત્ર'નાં કથાનકો જૈન પરંપરામાં પંચાખ્યાન નામે ગદ્ય–પદ્યમાં રચાયાં છે. જૂની ગુજરાતી રચનાઓ મુખ્યત્વે પૂર્ણભદ્રના 'પંચાખ્યાન' (૧૧૯૯)માં જળવાયેલી પાઠ પરંપરાને આધારે થઈ છે. **યશોધીરકૃત 'પંચાખ્યાન બાલાવબોધ' (આશરે ૧૬મી શતાબ્દી)** સૌથી જૂની આ પ્રકારની ગુજરાતી રચના છે. **ત્યારબાદ અજ્ઞાતકર્તૃક 'પંચાખ્યાન – બાલાવબોધ' (આશરે ૧૬મી શતાબ્દી), રત્ન સુંદરકૃત 'પંચાખ્યાન–ચતુષ્પદી'** (૧૫૬૬), **વચ્છરાજકૃત 'પંચાખ્યાન'** (૧૫૯૨), **અજ્ઞાતકર્તૃક 'પંચાખ્યાન –વાર્તિક'** (૧૬મસ કે ૧૭ મી શતાબ્દી) મળે છે. સત્તરમી **સદીમાં અજ્ઞાતકર્તૃક 'પંચાખ્યાન-રાસ'** (આશરે **૧૭મી શતાબ્દી**) **અને અઢારમી સદીમાં મેઘવિજયકૃત 'પંચતંત્ર'** તથા ઇત્યાદિ ગદ્યાત્મક કે પદ્યાત્મક **આ વિષયક રચનાઓ મળે છે.**

સત્તરમી સદી

સત્તરમી સદીમાં જૈનેતર કવિ શિવદાસ મુખ્ય પદ્યવાર્તાકાર છે. કવિઓની ઉત્તમ કક્ષામાં આવી ન શકે પરંતુ પદ્યવાર્તાકાર તરીકે તો એ પહેલી હરોળમાં અચૂક બેસી શકે એવો કવિ છે. એની મહત્ત્વની બે પદ્યવાર્તાઓ પ્રાપ્ત થાય છે : એક તે 'હંસાવળી : ચારખંડી' અને બીજી તે 'કામાવળી'.

ચોપાઈ, દોહા, ગાથા, કવિતા અને શ્લોક મળીને એકંદરે ૧૩૫૨ કડીમાં અને ચાર ખંડમાં રચાયેલી **શિવદાસકૃત 'હંસાવળી' (ઈ. ૧૬૧૨)** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ગણપતિકૃત 'માધવાનલ કામકંદલા દોગ્ધક પ્રબંધ' પછીની વિસ્તારની દષ્ટિએ બીજી લાંબી રચના છે.

૪ ખંડમાં વિભક્ત આ કથા બે ખંડમાં વહેંચાઈ ગઈ છે. પહેલા ૨ ખંડમાં કવિએ હંસાવલીના

૩ જન્મોની કથા આલેખી છે. પહેલા ભવની કથામાં ઉત્તર અને સોમ નામના બે રાજકુમારોએ કાંતપુરની પ્રધાનપુત્રી જયવંતીને જોઈ, એને જોતાં જ પ્રેમમાં પડેલા ઉત્તરે કાશીએ જઈ કરવત મૂકાવી અને એની પાછળ સોમ, જયવંતી અને તેની ૩૬૦ સખીઓએ પણ કરવત મૂકાવ્યાની વાત છે. બીજા ભવની કથામાં પક્ષી તરીકે જન્મેલા ત્રણે જણ સાથે રહ્યાં અને એક દિવસ જંગલમાં દવ લાગતાં એમાં પોપટી પોતાનાં બચ્ચાં સાથે બળી મરી ગયાની વાત છે. ત્રીજા ભવની કથામાં તે રાજકુંવરી હંસાવલી તરીકે જન્મી તથા પોપટ રાજા અને સાથી પ્રધાન બન્યા. રાજાએ પોતે સ્વપ્નમાં જોયેલી સ્વપ્નસુંદરી હંસાવલીની શોધ કરી અને પૂર્વભવમાં પોતે પોપટ તરીકે પત્ની અને બાળકોને ત્યજી નાસી નહોતો ગયો, પરંતુ પાણી લેવા ગયો હતો, એમ જણાવ્યું. આ જાણી હંસાવલીનો પુરુષદ્વેષ લુપ્ત થયો અને રાજા હંસાવલીનાં લગ્ન થયાં. એ બન્નેના હંસ–વચ્છ નામે બે પુત્રો થયા. બીજા બે ખંડમાં નરવાહન અને હંસાવલીના એ બે પુત્રો હંસ–વચ્છની કથા આલેખાઈ છે.

આ કૃતિમાં સ્વપ્નસુંદરીની શોધ, જાતિસ્મૃતિએ પુરુષદ્વેષિણી નાયિકા ઇત્યાદિ કથાઘટકો પ્રયોજાયાં છે. અસાઈતકૃત 'હંસાઉલી', મતિસુંદરકૃત 'હંસાઉલી પૂર્વભવ–ચરિત' (ઈ. ૧૫૬૫) તથા શિવદાસની 'હંસાવળી' – એમ ત્રણે કૃતિઓ એક જ કથાવસ્તુ ઉપર રચાયેલી છે. ત્રણે કૃતિઓ વચ્ચેનો ભેદ એ છે કે અસાઈતની કૃતિમાં પોપટ–પોપટના પૂર્વભવની વાત ઊભડક રીતે નિરૂપાઈ છે, મતિસુંદરે પોપટ–પોપટી પહેલાના ભવની કથાનો ખૂટતો અંશ નિરૂપ્યો છે અને શિવદાસે એક જ કૃતિમાં સળંગ રીતે ત્રણે ભવની કથાને સંકલિત કરી સ્પષ્ટ રીતે આલેખી છે. આમ, હંસાવતી કથાનું વિષયવસ્તુ ઉત્તરોત્તર વિકસ્યું છે અને સ્પષ્ટ બન્યું છે. ઉલ્લેખનીય છે કે મતિ સુંદરે પોપટ–પોપટીનાય પૂર્વભવના રાજકુંવર કૂપુ અને રસોયણની પુત્રી ગંગાના પ્રેમસંબંધની કથા આલેખી છે, જ્યારે શિવદાસે રાજકુમાર ઉત્તર અને પ્રધાનપુત્રી જયવંતીની કથા આલેખી છે. જન્મજન્માંતરની આ કથા હંસ – વચ્છ રાજકુંવરોને લગતી કથા માટે પીઠિકારૂપ બને છે. શિવદાસે કૃતિને ઠીક–ઠીક વિસ્તારી પોતાની કવિ–ત્વશક્તિનો પરિચય આપ્યો છે.

કવિએ પાત્રો અને ઘટનાસ્થળોનાં નામ બદલ્યાં છે. ઉપરાંત કેટલીક જગ્યાએ પ્રસંગોને કાર્યકારણ સંબંધથી જોડી કૃતિને વધારે ચુસ્ત બંધવાળી અને સુગ્રંથિત બનાવી છે કવિએ વર્ણનાત્મક અંશ ચોપાઈમાં તથા ભાવસંવેદનની અભિવ્યક્તિ દુહામાં કરી પોતાની નિરૂપણ – સૂઝ પ્રગટ કરી છે. દુહાઓમાં થતું જયવંતીનું રૂપસૌંદર્યવર્ણન, રાજકુંવર ઉત્તરની વ્યાકુળતા ઇત્યાદિમાં કવિની વર્ણનશક્તિનો સમર્થ પરિચય મળે છે.

શિવદાસકૃત 'કામાવતી' (ઈ. ૧૬૧૭) મુખ્યત્વે દોહરા–ચોપાઈની ૯૦૦ કડીઓમાં રચાયેલી પદ્યવાર્તા છે. શિવદાસે 'હંસાવળી'ની જેમ 'કામાવતી'માં ૩ ભવની કથા આલેખી છે. મનુષ્યયોનિ અને પંખીયોનિના પહેલા ૨ પૂર્વાવતારોમાં વિધિવશાત્ એકઠાં નહીં રહી શકેલાં કરણકુંવર અને કામાવતીની ત્રીજા ભવની

મુખ્ય કથા નિરૂપવામાં આવી છે. 'કામાવતી' કથાનો પૂર્વાર્ધ અસાઈત અને મતિસુંદરની કૃતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. પહેલા ૨ ભવની કથાનું મતિસુંદરકૃત 'હંસાઉલી પૂર્વભવ–ચરિત'માં આલેખાયેલા હંસાઉલીના ૨ પૂર્વભવો સાથે મળતાપણું છે, અને પુરુષદ્વેષિણી કામાવતીના રાજા ચિત્રસેન સાથેના લગ્નની કથા અસાઈતકૃત 'હંસાઉલી' સાથે મળતાપણું ધરાવે છે. પરંતુ પછી કથા જુદી રીતે ચાલે છે.

અસાઈત અને મતિસુંદરની કૃતિ સાથે 'કામાવતી'નો પૂર્વાંશને સંબંધ છે અને મધુસૂદન વ્યાસકૃત 'હંસાવતી વિક્રમચરિત્ર–વિવાહ' સાથે એના ઉત્તરાંશને સંબંધ છે. શિવદાસનીજેમ મુખ્યત્વે આખ્યાન કવિ રહેલા વીરજી (ઈ. ૧૬૬૪ માં હયાત) એ ૨૨ કડવાંની 'કામાવતી કથા' આલેખી છે. વીરજીએ પોતાની કૃતિમાં કર્યું છે તેમ શિવદાસે સ્વપ્નસુંદરીના કથાઘટકનો ઉપયોગ ઉચિત રીતે જ નથી કર્યો. જો સ્વપ્નસુંદરીનું કથાઘટક પ્રયોજે તો રાજા ચિત્રસેન અને કામાવતીનો પૂર્વભવનો સંબંધ હકીકતે હોય, એમ સિદ્ધ થાય. 'હંસાવતી'ની કથામાં નાયક –નાયિકાનો હકીકતે પૂર્વભવ સંબંધ છે. જ્યારે 'કામાવતી'માં તો કરણકુંવર અને કામાવતીનો પૂર્વભવ સંબંધ છે. રાજા ચિત્રસેન તો પ્રધાનની મદદથી પૂર્વભવમાં કામાવતી સાથે સંબંધ હતો એવું છળકપટ કરી સાબિત કરે છે. વળી, ભાટે કરેલા કામાવતીના સૌંદર્યવર્ણનથી મોહ પામેલો રાજા એને પ્રાપ્ત કરવા છળકપટ કરે છે અને પ્રાપ્ત પણ કરે છે, પણ ક્ષણમાત્રમાં થયેલો એનો મોહ ઉતરી જતા કામાવતીને ભૂલી જઈ એની ઉપેક્ષા કરે છે – શિવદાસે કથાનું આ પ્રમાણે કરેલું નિરૂપણ વધુ ઉચિત જણાય છે.

'કામાવતી'માં કૌતુકમય પ્રસંગો, કરણકુંવર – કામાવતીનું આકર્ષક પાત્રચિત્રણ, બન્ને પ્રકારના શૃંગારનું સુંદર નિરૂપણ, આલંકારિક વર્ણનછટા ઇત્યાદિ આ રસિક પ્રેમકથાને આસ્વાદ્ય બનાવે છે.

'કામાવતી'ની કેટલીક પ્રતોમાં જૈન શાસ્ત્રમાંથી આ કથા લીધી હોવાના ઉલ્લેખો મળે છે, પણ જૈન પૂર્વ પરંપરામાં આ કથાને સીધું મળતું આવતું કોઈ કથાનક પ્રાપ્ત થતું નથી. દક્ષિણના કર્ણાટક – તમિળનાડુના પ્રદેશોમાં પ્રચલિત સદારામાની કથા સાથે 'કામાવતી'નું ગાઢ મળતાપણું છે.

ચંદનમલયાગરીની વાર્તા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અત્યંત લોકપ્રિય રચના છે. કુસુમપુરના ચંદન રાજાને મલયાગિરી નામે પટરાણી અને સાયર તથા નીર નામે બે પુત્રો હતા. ભાગ્યવશાત્ એના કુટુંબ પર આપત્તિ આવી પડી. પોતાનું નગર છોડી નીકળેલો ચંદન કનકપુરમાં રાજાને ત્યાં સેવાચાકરીએ રહ્યો. લાકડાં વેચવાં જતી સ્વરૂપવાન મલયાગિરી ઉપર એક સોદાગરની ખરાબ નજર પડતાં એણે મલયાગિરીનું અપહરણ કર્યું. પત્ની મલયાગિરીની શોધમાં નીકળેલો ચંદન પોતાના પુત્રો સાયર અને નીરથી વિખુટો પડી ગયો. અંતે ચંપાનગરીના રાજા બનેલા ચંદનનો પત્ની મલયાગિરી અને પુત્રો સાથે બાર વર્ષ પછી મેળાપ થાય છે.

આ કથાનકમાં 'પડું પડું' એવો ગેબી અવાજ, વિયુક્ત કુટુંબ ઇત્યાદિ કથાઘટકો સ્થાન પામ્યાં છે. 'ચંદનમલયાગરી'નાં કથાનક લઈને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અનેક પદ્યવાર્તાઓ રચાઈ છે. અજીતચંદ્ર (૧૬૭૯), જિનહર્ષ (૧૬૮૭), યશોવર્ધન (૧૬૯૦), ભદ્રસેન (પ્રત ૧૬૮૬), મનોહર (પ્રત ૧૬૬૬), ભાણવિજય (પ્રત ૧૭૫૬), જિનહર્ષ (૧૬૪૮), બાલા (પ્રત ૧૭૦૩), ચતુર (૧૭૧૫), કેસર (૧૭૨૦), અનોપવિજય (૧૮૨૪), સુમતિહંસ (૧૬૫૫), શામળ ('સિંહાસનબત્રીસી' અંતર્ગત આવતી બત્રીસમી કથા 'વેતાલપચીસી'મા ૮મી કથારૂપે) ઇત્યાદિ અનેક પદ્યવાર્તાકારોએ આ કથાનક ઉપર કૃતિઓ રચી છે સમય, ભાષા, લોકાચાર ઇત્યાદિમાં આવતાં પરિવર્તનના કારણે આ કથાનકમાં થોડા –ઘણા ફેરફાર થતા ગયા છે. સત્તરમી સદીમાં મળતી આ કથાનું મૂળ તો છેક નવમી સદી કરતાં પણ આગળ ધારી શકાય. ઈ.૧૦૮૩માં રચાયેલા ગુણચંદ્રકૃત પ્રાકૃત 'મહાવીર ચરિત્ર' ના ચોથા પ્રસ્તાવની નરવિક્રમની કથામાં 'ચંદનમલયાગરી' કથાનું મૂળ રહેલું છે. એ જ પ્રાકૃત કથા કાળક્રમે પાત્રનામ બદલાતાં 'ચંદનમલયાગરી'ની કથા તરીકે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રચલિત બની છે.

ચંદનમલયાગરીની વાર્તા જેટલી જ પ્રખ્યાત બીજી વાર્તા સત્તરમી સદીમાં **અંજનાસુંદરીની** છે. આ લોકકથા ઉપરથી રચાયેલ અનેક રાસરૂપ રચનાઓ પ્રાપ્ત થાય છે. પરદેશ ગયેલો પતિ પક્ષીની સહાયતાથી એક રાત પૂરતો ઘરે આવી સવારે પાછો ચાલ્યો જાય અને સગર્ભા બનેલી પત્નીના સતીત્વ અંગે આશંકા જન્મે તથા એના પર અનેક આપત્તિઓ આવી પડે ને અંતે વિયુક્ત પતિ–પત્ની અને સંતાનનું મિલન થાય એવું આ કથાનું માળખું છે. અંજનાસુંદરી અને પવનંજય કુમારની આ કથા જૈન પરંપરામાં વિશેષ લોકપ્રિય રહી છે. આ કથાનક લઈને નરેન્દ્રકીર્તિ (૧૫૯૬), ગુણવિજય (૧૬૦૬), માલમુનિ (૧૬૦૭), વિમલચરિત્ર (૧૬૦૭), પુણ્યસાગર (૧૬૩૩), લૂણસાગર (૧૬૩૩), માનવિજય (૧૬૬૦), ભૂવનકીર્તિ (૧૬૫૦), દીપસાગર (૧૬૭૦), ધર્મસુંદર (૧૬૯૭), કમલહર્ષ (૧૬૭૭), ક્ષેમકુશલ (૧૬૧૦) ઇત્યાદિએ રાસરૂપે કૃતિ રચી છે.

રાસરૂપે રચાયેલી પદ્યવાર્તાઓમાં આ સદીની અન્ય નોંધપાત્ર કૃતિઓમાં **'તરંગવતી' (નેમીચંદ્ર ૧૬૪૭, 'શીલવતી' (નેમવિજય ૧૬૯૩)** વિશેષ ઉલ્લેખનીય છે.

જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ **માધવની 'રૂપસુંદરકથા' (સં. ૧૭૦૬/૧૭૦૭,** ઈ. ૧૬૫૦ / ૧૬૫૧, અધિક અસાઢ સુદ ૧૨, રવિવાર;) નોંધપાત્ર રચના છે. જે સમયે પદ્યવાર્તાઓ મુખ્યત્વે દુહા અને ચોપાઈ જેવા માત્રામેળ છંદોમાં રચાતી, જે સમયે ગેય દેશીઓમાં આખ્યાનો અને રાસા રચતાં એવા સમયે સંસ્કૃત વૃત્તમાં રચાયેલી માધવની 'રૂપસુંદર કથા' અનેરી ભાત પાડે છે. સમાસપ્રચુર, સંસ્કૃતમય અને આલંકારિક

શૈલીમાં ગાઢ શૃંગારને આલેખતી, વિવિધ અક્ષરમેળ વૃત્તો (છંદો) જેમ કે, માલિની, શાલિની, ભુજંગી, મંદાક્રાંતા ઇત્યાદિમાં ૧૯૨ કડીઓમાં લખાયેલી આ પ્રેમકથા છે. કથાની દૃષ્ટિએ બિલ્હણકાવ્યનો અમુક અંશે વારસો જાળવતી આ કૃતિ છે. તેનું કથાનક આ પ્રમાણે છે :

રાજકુંવરી રૂપાં અને પુરુપુત્ર સુંદર વચ્ચે વિદ્યાભ્યાસ દરમ્યાન પ્રેમ જન્મ્યો. રૂપાંને આપેલાં વચન પ્રમાણે સુંદર રાજાએ નગરમાં રાતે બહાર ન નીકળવાનો પડો વજડાવ્યો હોવા છતાં નીકળ્યો. રાજાએ એને પકડ્યો પણ સવારે પાછો આવવાનું વચન અને મિત્ર ઘનશ્યામની જામીનગીરી આપી એ રૂપાંને મળ્યો. છૂપી રીતે સુંદરનો પીછો કરતાં રાજા પોતાની પુત્રી રૂપાંનો સુંદર સાથેનો ગુપ્ત સંબંધ જાણી ગયો. રાજાએ સુંદરને દેહાંતદંડની સજા ફરમાવી. મિત્ર ઘનશ્યામ અને પ્રિયતમા રૂપાં પણ એની સાથે મૃત્યુવશ થવા તત્પર બન્યાં. અંતે રાજાએ સુંદરની કસોટી કરી એની સજા માફ કરી અને પોતાની પુત્રી રૂપા સાથે સુંદરનાં લગ્ન કર્યાં.

માધવ કથાવસ્તુને દ્રુત વિલંબિત ગતિએ આગળ ધપાવે છે. કલ્પના, છંદ, અલંકાર ઇત્યાદિ કૃતિ અંગોમાં માધવની કવિત્વશક્તિનાં દર્શન થાયછે. છંદના બંધારણમાં વક્તવ્યને સમાવી લેવાનો માધવનો આયાસ અછતો રહેતો નથી, છતાં પ્રસંગ અને ભાવના પલટા મુજબ બદલાતા અક્ષરમેળ છંદો પરનું કવિનું પ્રભુત્વ, સૂજ અને ઘડાયેલી હથોરી એની વિશેષતા બની રહે છે. દેહવર્ણના સ્થૂળ, રુચિભંગ કરતાં આલેખન અને કેટલાક અશિષ્ટ શબ્દોને બાદ કરતાં સમગ્ર કૃતિ આકર્ષક બની છે એમ કહી શકાય.

૨. પદ્યવાર્તાકાર શામળ અને સમકાલીન પદ્યવાર્તા

અઢારમી સદી

અઢારમી સદીમાં થયેલો શામળ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો નોંધપાત્ર સર્જક છે. વિપુલ અને વૈવિધ્યપૂર્ણ પદ્યવાર્તાઓનું સર્જન કરનાર શાળમ અંગે વિગતે વાત કરતાં પૂર્વે શામળના સમકાલીન પદ્યવાર્તાકારો અને પદ્યવાર્તાઓ વિશે એક દૃષ્ટિપાત જરૂરી છે. અઢારમી સદી અને ઓગણીસમી અર્ધ સદીના દોઢ શતકમાં શામળ સિવાય બીજો કોઈ નોંધપાત્ર પદ્યવાર્તાકાર થયો નથી. નોંધપાત્ર નવી પદ્યવાર્તા પણ ભાગ્યે જ જોવા મળે છે.

ઈ. ૧૭૦૪માં વલ્લભે 'મિત્રધર્માખ્યાન' રચ્યું છે. જો કે વલ્લભ નામનાં કવિ અંગે સંદિગ્ધતા પ્રવર્તે છે. એના નામે મળતી આ કૃતિનું કર્તૃત્વ પણ સંદિગ્ધ છે. તેનું કથાવસ્તુ આ પ્રમાણે છે : બે મિત્રના પુત્રો સાથે ભણવા જાય છે. પાછા ફરતાં એક મિત્ર વિશ્વાસઘાત કરી બીજાને મરણતોલ ત્યજી પાછો આવે છે. વિદ્વાન અને નિષ્કપટ બીજો મિત્ર સમય આવ્યે પોતાની ફરજ ચૂકતો નથી અને અપકારનો

બદલો ઉપકારથી વાળે છે. – .આવી બીજી કોઈ કૃતિ ન મળે તો કથાના એક કલ્પિત વસ્તુને આલેખવાના પ્રયત્ન તરીકે જ એ કૃતિ ઉલ્લેખનીય છે. કથાનો આરંભ ઇશ્વરસ્તુતિથી કરવાને બદલે કથાના કેન્દ્રસ્થ વિષયને અનુલક્ષીને પરસ્પર મૈત્રી ધરાવતાં પૌરાણિક પાત્રોના નામોલ્લેખથી થયો છે. આ કૃતિ કથાનક તથા નિરૂપણની દષ્ટિએ તદ્દન નિષ્ફળ છે.

મુખ્યત્વે જૈન પરંપરામાં રાસરૂપે પ્રાપ્ત થતું 'આરામશોભા'નું કથાનક પણ રસપ્રદ છે. 'આરામશોભા'ની લાંબી કથાપરંપરા ચાલી આવી છે. સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતીમાં એ કથાનકને આલેખતી અનેક કૃતિઓ રચાઈ છે. સંસ્કૃતમાં વિનયચંદ્રસૂરિ, જિનહર્ષસૂરિ, રાજકીર્તિગણિ ઇત્યાદિએ; પ્રાકૃતમાં દેવચન્દ્રસૂરિ, સંઘતિલકસૂરિ ઇત્યાદિએ; મધ્યકાલીન ગુજરાતીમાં રાજકીર્તિ, સમયપ્રમોદ, રાજસિંહ, પૂંજાઋષિ, જિનહર્ષ, વિનયસમુદ્ર વાચક ઇત્યાદિએ 'આરામશોભા' વિષયક રચના કરી છે. જૈન સાધુ જિનહર્ષે ઈ. ૧૭૦૪ માં 'આરામશોભા રાસ'ની રચના કરી છે. એક રીતે આ કૃતિ ઢાળબંધ પદ્યવાર્તા જ છે. કથાનક આ પ્રમાણે છે : ગારુડીઓથી નાગનું રક્ષણ કરનાર નમાઈ વિદ્યુત્પ્રભાને નાગદેવ પ્રસન્ન થઈ વરદાન માંગવાનું કહેતાં ભોળી વિદ્યુત્પ્રભાને પોતાને ગાય ચરાવતાં તાપ ન લાગે અને છાંયડો રહે એવું વરદાન માગે છે. નાગદેવતા વચનથી વિદ્યુત્પ્રભાને માથે છાંયડો રાખતો બગીચો જ્યાં જાય ત્યાં સાથે સર્વદા રહેવા લાગ્યો. વિદ્યુત્પ્રભાથી આકર્ષાયેલા જિતશત્રુ રાજા સાથે એણા લગ્ન થયાં. દાંપત્યજીવનનો કેટલોક કાળ સુખેથી વિત્યો અને વિદ્યુત્પ્રભા પુત્રની માતા બની. પણ પછી પ્રપંચી અપરમાતાએ એના સ્થાને પોતાની છોકરીને ગોઠવી દીધી. નાગદેવતાની કૃપાથી આરામશોભા અપરમાએ કૂવામાં ધક્કો મારી પાડી કાઢી હોવા છતાં જીવિત રહી અને અંતે પ્રપંચનો રહસ્યસ્ફોટ થતાં પુનઃ પોતાના પતિ અને પુત્ર સાથે એનું મિલન થયું. –લોકસાહિત્યમાં આવી નાગકથા પ્રચલિત છે, એની સાથે સંકળાયેલી આ રસિકરંજક લોકકથા છે. સંસ્કૃતમાં બ્રહ્મજિનદાસ કૃત 'સુગંધદશમી કથા' (૧૪૫૦ લગભગ) માં એનાં મૂળ રહેલાં છે. 'આરામશોભારાસ'માં પ્રયોજાયેલા કેટલાંક કથાઘટકો ઘણાં જાણીતા છે. જેમ કે, અપરમાતાનો સાવકી દીકરી વિરુદ્ધ પ્રપંચ, કૃતજ્ઞ પ્રાણી દ્વારા વરદાન પ્રાપ્તિ ઇત્યાદિ.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં માનતુંગ – માનવતીની લોકકથા પણ ઘણી પ્રચલિત રહી છે. અઢારમી સદીમાં એ વિશેષ લોકપ્રિય હોવાથી એના કથાનકને કેન્દ્રમાં રાખી ઘણી કૃતિઓ રચાઈ છે. મોહનવિજય, પુણ્યવિલાસ, અભયસોમ, સંતોષવિજય, ધનજી, રત્નવિવેકવિજય, રંગસાગર ઇત્યાદિએ માનતુંગ–માનવતી પર રાસરૂપ રચના કરી છે. કથાનક આ પ્રમાણે છે : નગરચર્યાએ નીકળેલા માનતુંગ નામના ઉજ્જૈનના રાજાએ માનવતીને પોતાના પતિને વશ કરીને રાખવાની વાત સાંભળી, માનવતીનું અભિમાન ઉતારવા રાજા માનતુંગે એની સાથે જ લગ્ન કર્યાં અને રાણી બનેલી માનવતીને એકદંડિયા મહેલમાં રાખી. માનવતીએ પોતાની ચતુરાઈ અને સ્ત્રી ચરિત્રથી જુદા–જુદા વેશ ધારણ કરીને રાજા

માનતુંગને આકર્ષ્યો અને પોતે કહેલાં વચનો ખરા કરી દેખાડ્યાં.

સત્તર–અઢારમી સદીમાં માનતુંગ–માનવતીની કથા રચાયેલી મળે છે, પણ એ કથાનાં મૂળ ઘણાં પ્રાચીન સાહિત્યમાં છે. ઈ. ૧૧૪૩માં રચાયેલી 'સુપાસનાહચરિઅ' નામની પ્રાકૃતકૃતિમાં ધનકથા મળે છે, કે જેમાં અશક્યને શક્ય કરી બતાવવાનો પડકાર પત્ની ઝીલે છે. રાજાએ પ્રધાનપુત્રી ભુવનાનન્દાની સાથે લગ્ન કરી, એને પાંડિત્યથી પુત્રો ઉત્પન્ન કરવાનું કહી પિતાના ઘરે જ રહેવા જણાવ્યું. ભુવનાનંદાએ રાજાના હાથમાં મોજડી ઊંચકાવવાની, પગ ધોવરાવવાની પ્રતિજ્ઞા કરી અને છદ્મવેશે રાજાને આકર્ષી પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. કથાને અંતે રાજાથી જ થયેલા પુત્રને લઈ એ રાજા પાસે આવી. 'માનતુંગ–માનવતી' નામે એ જ પ્રાકૃત કથા વિકાસ પામેલી જોવા મળે છે.

'સદયવત્સ સાવલિંગા' કથાની લગભગ ત્રણ કથાપરંપરાઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જોવા મળે છે. પ્રથમ પરંપરામાં ભીમકૃત 'સદયવત્સવીર પ્રબંધ' (ઈ. ૧૪૧૦) તથા હર્ષવર્ધને (ઈ.૧૪૭૧) સંસ્કૃતમાં જે ગદ્યમય કૃતિ રચી છે એનો સમાવેશ થાય છે. પંદરમી સદીની સદયવત્સની કથા કરતાં એ પછીની અથાર્ત સોળ–સત્તર–અઢારમી સદીમાં રચાયેલી કૃતિઓનું કથાનક ભિન્ન છે. ભીમ અને હર્ષવર્ધનની રચનાઓના કથાનક પ્રમાણે સદયવત્સ સગર્ભા સ્ત્રીને બચાવવા રાજાના પ્રિય જયમંગલ હાથીનો વધ કરે છે. પરિણામે એને દેશવટો ભોગવવો પડે છે અને પ્રવાસ દરમ્યાન સદયવત્સ સાવલિંગા જુદાં પડી જાય છે. અંતે બન્નેનું પુનર્મિલન થાય છે એ પ્રકારનું કથાનક છે. બીજી પરંપરામાં કેશવે (અથવા કીર્તિવર્ધન) રચેલ 'સદયવચ્છ–સાવલિંગા–ચઉપઈ' (ઈ. ૧૬૨૩ કે ૧૬૪૧), નિત્યલાભે રચેલ 'સદયવત્સ–સાવલિંગા– ચોપાઈ' (ઈ. ૧૭૨૬ કે ૧૮૨૬) તેમજ રાજસ્થાની કેટલીક રચનાઓનો સમાવેશ થાય છે. ભીમ, હર્ષવર્ધને આલેખેલા કથાનક કરતાં જુદું કથાનક આ રચનાઓમાં મળે છે. કેશવ, નિત્યલાભ ઇત્યાદિની કૃતિઓમાં સદયવત્સ અને સાવલિંગા વચ્ચે વિદ્યાભ્યાસ દરમ્યાન પ્રેમ થાય છે. સદયવતસ સાવલિંગા પાસે સંગની માગણી કરતાં સાવલિંગા વિવાહ પછીની પહેલી રાત સદયવત્સ સાથે ગાળવાનું વચન આપે છે. સમય જતાં સાવલિંગાનો વિવાહ પુષ્પાવતીના ધનસાર શેઠ સાથે થાય છે, અને સદયવત્સનો પણ કોઈ રાજકન્યા સાથે વિવાહ થાય છે. ત્યાર બાદ અનેક વિઘ્નોમાંથી પસાર થઈ અંતે બન્નેનું મિલન થાય છે. આ કથાનકમાં પૂર્વાંશ બિલ્હણકાવ્યને મળતો છે. આ બે ઉપરાંત ત્રીજી પરંપરા હોવાની પણ સંભાવના છે. સદવત્સ અને મુગ્ધાવતી વિશેની કોઈ કથા સત્તર–અઢારમી સદીમાં અસ્તિત્વ ધરાવતી હોય એ શક્ય છે.[૧૧]

અજ્ઞાતકર્તૃક 'સદયવત્સ – સાવલિંગા– પાણિગ્રહણ–ચઉપઈ' દુહા–ચોપાઈ–સૌરઠાની કુલ ૫૬૦ કડીની પદ્યવાર્તા છે. એનો રચના સમય નિશ્ચિત થઈ શક્યો નથી. આ કૃતિમાં સદયવત્સ – સાવલિંગાના પૂર્વ સાત ભવની કથા સંક્ષેપમાં ઉલ્લેખી આઠમા ભવની કથા વિગતે વર્ણવવામાં આવી છે. બન્ને વચ્ચે

વિદ્યાભ્યાસ દરમ્યાન શાળામાં પ્રેમ ઉદ્ભવ્યો. જ્ઞાતિભેદે બન્નેનાં લગ્ન શક્ય ન બનતાં સાવલિંગાનો વિવાહ અન્યની સાથે થયો અને એ સાસરે ગઈ. વિરહવ્યાકુળ બનેલો સદયવત્સ જોગી વેશે સાવલિંગાને મળ્યો અને એક રાજકુંવરીની સહાયતાથી બન્ને પ્રેમીઓનાં લગ્ન થયાં. – આ પ્રકારનું કથાવસ્તુ લયલામજનૂની પ્રસિદ્ધ પ્રેમકથા સાથે મળતું આવે છે. આ રચનાની પ્રાપ્ત થતી પ્રતની ભાષા અશુદ્ધ હોવાથી મૂળ કૃતિ સુંદર કલાત્મક હોવા છતાં ભ્રષ્ટ પાઠમાં એનું મૂળરૂપ ઢંકાઈ જાય છે.

આ ઉપરાંત ઇલાપુત્ર, ઉત્તમકુમાર, ગજસિંહકુમાર, મલયસુંદરી, રત્નસાર ઇત્યાદિ પર રચાયેલી કૃતિઓ અઢારમા શતકમાં પ્રાપ્ત થાય છે. પૂર્વ ગાળાની પંચદંડ, વિદ્યાવિલાસ, શીલવતી, વત્સરાજ ઇત્યાદિ પર પણ આ શતકમાં કૃતિઓ રચાઈ છે.

શામળ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો પ્રમુખ પદ્યવાર્તાકાર છે. એને રચેલી 'પદ્માવતી'નું રચનાવર્ષ ઈ. ૧૭૧૮ અને 'સુડાબહોતેરી'નું રચનાવર્ષ ઈ. ૧૭૬૫ મળે છે. એ ઉપરથી શામળનો જીવન અને રચનાકાળ ઈ. ૧૮મી સદીમાં વિસ્તરેલો માની શકાય.

શામળે મુખ્યત્વે પદ્યવાર્તાઓ સર્જી અને એમાં જ એને ખ્યાતી પણ મેળવી છે. એની પાસેથી સળંગ – સ્વતંત્ર સ્વરૂપની 'પદ્માવતી', 'ચંદ્ર–ચંદ્રાવતી', 'મદનમોહના', 'નંદબત્રીસી' અને કથાગુચ્છ કે વાર્તાચક્ર સ્વરૂપની 'સિંહાસનબત્રીસી' (એ અંતર્ગત આવતી 'વેતાલપચીસી'), 'સૂડાબહોતેરી' પ્રાપ્ય થાય છે.

એની પદ્યવાર્તાઓની ચર્ચા ચોથા પ્રકરણમાં કરી છે.

૩. શામળ પછીની પદ્યવાર્તા

ઓગણીસમી સદીનો પૂર્વાર્ધ

ઓગણીસમી સદીના પૂર્વાર્ધ અર્થાત્ ઈ. ૧૮૦૧ થી ૧૮૫૦ ના ગાળામાં કોઈ વિશેષ પદ્યવાર્તાકાર કે પદ્યવાર્તા મળતી નથી. પ્રેમરચિત 'હરિચંદ રાજાની ચોપાઈ' (૧૮૦૨), 'રૂપચંદનો ધર્મપરીક્ષાનો રાસ' (૧૮૦૩), 'અંબડરાસ' (૧૮૨૩), વિનયકૃત 'મયણરેહા ચોપાઈ' (૧૮૧૪), લાભવિજયનો 'ઈલાકુમાર રાસ' (૧૮૨૪), ઋષભવિજયકૃત 'વત્સરાજ રાસ' (૧૮૨૫), વીર વિજયનો 'ચંદ્રશેખર રાસ' (૧૮૪૫) ઇત્યાદિ રચનાઓ શામળ પછી ઓગણીસમા શતકના પૂર્વાર્ધમાં રચાઈ છે.

શામળ પછીનો સમયગાળો વાર્તાસૂનો રહ્યો નથી. પણ એ સમયગાળા દરમ્યાન પ્રાપ્ત થતી પદ્યવાર્તામાં કોઈ નોંધપાત્ર પદ્યવાર્તા કે પ્રતિભાશાળી પદ્યવાર્તાકાર મળતો નથી. તેથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં શામળ જ અંતિમ પ્રતિભાશાળી પદ્યવાર્તાકાર છે એમ કહી શકાય.

કેટલાંક તારણો

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ્યવાર્તાનાં ઐતિહાસિક આલેખને સગગ્રપણે જોતા કેટલાંક રસપ્રદ તારણો પ્રાપ્ત થાય છે.

વિષયવસ્તુની દષ્ટિએ તપાસતાં જણાય છે કે મધ્યકાલીન ગુજરાતી પદ્યવાર્તાકારોએ પૂર્વ સાહિત્યિક પરંપરામાંથી એટલે કે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશમાંથી તથા તત્કાલીન લોકકથામાંથી વસ્તુ લઈ પદ્યવાર્તાઓનું સર્જન કર્યું છે.

આ વાતને વધારે સ્પષ્ટપણે સમજવા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ્યવાર્તાનું વિષયવસ્તુની દષ્ટિએ આધારભૂત વર્ગીકરણ જોઈએ :

આ વર્ગીકરણ પ્રમાણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ્યવાર્તાને વિષયવસ્તુની દષ્ટિએ ચાર વર્ગમાં વિભાજિત કરી શકાય :



૧. પૂર્વ સાહિત્યિક પરંપરાનાં આધારે એક જ કથા પરંપરામાં પ્રાપ્ત થતાં વિવિધ રૂપાંતરો કે અનેક સર્જકોની એક જ કથા પરંપરામાં પ્રાપ્ત થતી પદ્યવાર્તાઓ. જેમ કે, 'પંચતંત્ર', 'સિંહાસનબત્રીસી', 'વેતાલપચીસી', 'નંદબત્રીસી', 'આરામશોભા'.

૨. પૂર્વ સાહિત્યિક પરંપરાનાં આધારે અમુક કથાઅંશો કે કથાઘટકોનાં ઉપયોગ દ્વારા સર્જાતી સ્વતંત્ર પદ્યવાર્તાઓ. જેમ કે, 'કામાવતી', 'મદનમોહના.'

૩. પૂર્વ સાહિત્યિક પરંપરાનાં આધારે પ્રચલિત કૃતિઓનો અનુવાદ કે સારાનુવાદરૂપે પ્રાપ્ત થતી પદ્યવાર્તાઓ. જેમ કે, 'કાંદબરી', 'બિલ્હણ પંચાશિકા'.

૪. પરંપરાગત કે પૂર્વકાલીન લોકકથા અને તત્કાલીન લોકકથાનાં આધારે સર્જાતી પદ્યવાર્તાઓ. જેમ કે, 'ઢોલામારું ચોપાઈ.'

આમા, પાંચમો વર્ગ ઉમેરવો હોય તો ઉમેરી શકાય. જેમાં અન્ય કોઈક સ્રોતમાંથી વિષયવસ્તુ લેવાયું હોય એવી અપવાદરૂપ પદ્યવાર્તાઓનો સમાવેશ કરી શકાય. જેમ કે, હરિવંશ અનેભાગવતની ઉષા (ઓખા) કથામાં ઘટિત ઘટાડા–વધારા કરી વીરસિંહે રચેલ 'ઉષાહરણ'. આ કૃતિમાં પૌરાણિક કથાને વીરસિંહે લોકકથાત્મકરૂપ નિરૂપી છે. દુહા, ચોપાઈ ઇત્યાદિ માત્રામેળ છંદો તથા 'બોલી' નામથી ઓળખાતા પ્રાસબદ્ધ ગદ્યાંશોનો અમુક સ્થાને ઉપયોગ કરી પદ્યવાર્તા રચી છે. પૈરાણિક વિષયનો આધાર લઈ રચાયેલી આ પદ્યવાર્તા અપવાદરૂપ છે.

*

આ ઉપરાંત પદ્યવાર્તાકારો અને પદ્યવાર્તાઓ ઉપર દૃષ્ટિપાત કરતાં જે અન્ય લાક્ષણિકતાઓ જોવા મળે છે તેમાં – પદ્યવાર્તાનું પ્રાચીન મહાકાવ્યની ઘાટીનું નિશ્ચિત રચના માળખું, લૌકિક-લોકકથનાત્મક કથાવસ્તુ, ક્યારેક વિવિધ ખંડો કે આદેશમાં વિભાજન, ક્યારેક ભાવાનુરૂપ દેશી રાગ કે ઢાળ વૈવિધ્ય દર્શાવતાં ગીતો; મુખ્યત્વે માત્રામેળ છંદોનો રચનાબંધ, પણ ક્યારેક અપવાદરૂપે અક્ષરમેળ છંદોનો ઉપયોગ; 'બોલી', 'વારતા', 'વાત' નામક ગદ્યનો ક્યાંક ઉપયોગ; સમસ્યાવિનોદ, સંસ્કૃત શ્લોકોનો વિનિયોગ; મુખ્યત્વે અદ્ભુત, શૃંગાર, વીર, કરુણ ઇત્યાદિ રસની સૃષ્ટિ; ક્યારેક શૃંગરિક પ્રેમકથામાં મંગલાચરણમાં કામદેવની પણ ઉપાસના – સ્તુતિ, શરૂઆતના તબકકે જોવા મળતી સંસ્કૃતમય ભાષા અને ત્યાર બાદ ધીમે–ધીમે એ પ્રભાવમાંથી મુક્તિ, જૈન પદ્યવાર્તાકારોએ રચેલી પદ્યવાર્તાનો ધર્મપ્રચાર અને ધર્મતત્ત્વના સ્પષ્ટીકરણ અર્થે ઉપયોગ તથા એમાં પ્રસ્તુત કે અપ્રસ્તુત સદાચાર બોધ ઇત્યાદિનો સમાવેશ થાય છે.

મધ્યકાલીન ગુજરાતી પદવાર્તાનું મુખ્ય પ્રયોજન મનોરંજન!નું છે. વળી ઉપદેશ, પ્રચાર અને તત્ત્વબોધ આપવા એનો ઉપયોગ થયેલો જોવા મળે છે.

સંદર્ભનોંધ

૧. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ગ્રંથ-૧; ગુજરાતી સાહિત્ય પરિષદ; (૧૯૭૩), પ્રકરણ ૭ 'લૌકિક કથા આદિ', ભોગીલાલ સાંડેસરા, પૃ. ૨૬૭.

૨. એ જ , પૃ. ૨૭૩

૩. એ જ, પૃ. ૨૬૭.

૪. એ જ, પૃ. ૨૭૯.

૫. 'ઇતિહાસની કેડી' (૧૬૪૫)માં 'આપણું લોકવાર્તા વિષયક પ્રાચીન સાહિત્ય – એક તુલનાત્મક દૃષ્ટિ' લેખે, પૃ. ૧૭૫.

૬. 'ગુજરાતી સાહિત્યકોશ' ખંડઃ એક, સંઃ- જયંત કોઠારી, જયંત ગાડીત, ગુજરાતી સાહિત્ય પરિષદ, (૧૯૮૯), 'વાસુ' પરનો ચંદ્રકાન્ત શેઠનો અધિકરણ લેખ, પૃ. ૩૯૯.

૭. 'મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય', હસુ યાજ્ઞિક, (૧૯૮૮), 'પદ્યાત્મક લોકવાર્તાનાં ચારસો વર્ષ' એ ત્રીજો લેખ, પૃ. ૩૬.

૮. એ જ, પૃ. ૩૮.

૯. એ જ, પૃ. ૪૦-૪૧.

૧૦. એ જ, પૃ. ૪૨.

૧૧. 'અનુસંધાન', હરિવલ્લભ ભાયાણી, પૃ. ૨૪૨.

*